| | | | | | |
|---|---|---|---|---|---|
| GJSN020013952023 | सत्यमेव जयते | દાખલ તારીખ | ૨૯/૦૪/૨૦૨૩ | | |
| | | રજીસ્ટરે લીધા તારીખ | ૨૯/૦૪/૨૦૨૩ | | |
| | | ફેસલ તારીખ | ૧૨/૦૮/૨૦૨૬ | | |
| | | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | | | |

**સુરેન્દ્રનગરના મહેરબાન બીજા એડીશ્નલ સીનીયર સિવિલ જજ**
**(શ્રી કે.એમ.આહીર) સાહેબશ્રીની કોર્ટમાં, મુ. સુરેન્દ્રનગર.**

**સ્પે. દિવાની મુકદમા નં. ૭/૨૦૨૩**
**આંક–**

| | | |
|---|---|---|
| વાદીઓ | : | **(૧) ધાંધલ ભરતભાઇ જીવાભાઇ,**<br>ઉ.વ.આ.૬૧, ધંધો: ખેતીકામ,<br><br>**(૨) ધાંધલ ગભરૂભાઇ જીવાભાઇ,**<br>ઉ.વ.આ.૫૯, ધંધો: ખેતીકામ,<br>રહે. મુ. પીપળીયા, તા.ચોટીલા, જી.સુરેન્દ્રનગર. |
| | **વિ રૂ દ્ધ** | |
| પ્રતિવાદીઓ | : | **સુઝલોન ગુજરાત વિન્ડપાર્ક લીમીટેડ,**<br>(સુઝલોન ગ્લોબલ સર્વીસીઝ લીમીટેડ)<br>મારફત ડાયરેક્ટર્સ,<br>**(૧) વૈધનાથન રઘુરામન**<br>**(ડીન નં.૦૦૪૧૧૪૮૯),**<br>ઉ.વ.આ.૫૩, ધંધો: વેપાર,<br><br>**(૨) પર ટોર્બન હોર્નુંગ પેડર્સન**<br>**(ડીન નં.૦૭૨૮૦૩૨૩),**<br>ઉ.વ.આ.૪૯, ધંધો: વેપાર,<br><br>**(૩) અજય માથુર**<br>**(ડીન નં.૦૮૮૦૫૪૨૪),**<br>ઉ.વ.આ.૪૫, ધંધો: વેપાર, |

| | | |
|---|---|---|
| | | **(૪) બલરાજસિંહ અભયસિંહ પરમાર (ડીન નં.૦૦૦૦૨૨૭૬),** ઉ.વ.આ.૫૧, ધંધો: વેપાર,<br><br>**(૫) વિનોદ રણછોડભાઇ ટાંટી (ડીન નં.૦૦૦૦૨૨૬૬),** ઉ.વ.આ.૪૫, ધંધો: વેપાર,<br><br>તમામ ઠે. પહેલો માળ, મંગલ શાંતી, ઓરીએન્ટલ બેંક સામે, નિર્મલા કોન્વેન્ટ રોડ, રાજકોટ, ગુજરાત (૩૬૦૦૦૭) |

| | | |
|---|---|---|
| **<u>બાબત</u>** | **:** | **દાવો રૂા.૧,૪૪,૦૦,૩૦૦/- આંકથી મિલ્કત વપરાશ વળતર મેળવવા અને કાયમી મનાઇ હુકમ મેળવવા અંગે. સિવિલ પ્રોસીજર કોડની કલમ-૧૯ તથા સ્પેસીફીક રીલીફ એકટની કલમ-૩૪ તથા ૩૮ મુજબ કોર્ટ ફી સ્ટેમ્પ રૂા.૭૫,૦૦૦/-** |

| | | |
|---|---|---|
| વાદીઓ તરફે | : | વિ.વકીલશ્રી એન.આઇ.જાની |
| પ્રતિવાદીઓ તરફે | : | વિ.વકીલશ્રી એન.બી.લખતરીયા |

## ||| <u>જજમેન્ટ</u> |||

### (૧) <u>વાદીના દાવાની ટુંકમાં હકીકત:-</u>

આ કામના વાદીઓ સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા તાલુકાના મોજે પીપળીયા (ધાધલ)ની સીમ જમીન રે. સર્વે નં. ૩૬૭ (જેનો જુનો રે. સર્વે નં. ૧૭૮/૧૦) હે.૨-૩૨-૭૦ આરે. ચો.મી. સંયુક્ત માલિકી હક્કે ધારણ કરતા આવેલ છે. જેની ચતુર્દિશા નિચે મુજબ છે.

ઉતરે : સરકારી ટ્રાવર્સની જગ્યા તે ઉતાર રે. સર્વે નં. ૩૯૩, ૩૮૩, ૩૮૧ આવેલ છે.

દક્ષિણે: ખરાબો તે ઉતાર TCP-C329

પુર્વે : સરકારી ટ્રાવર્સની જગ્યા તે ઉતાર સર્વે નં. ૩૬૬, ૩૯૭, ૩૯૮

પશ્ચિમે: રે. સર્વે નં. ૩૬૮ મનુભાઈ વશરામભાઈ હરીજનની જમીન આવેલ છે.

આ કામના પ્રતિવાદી એક લીમીટેડ કંપની છે અને પ્રતિવાદી નં. ૧ થી ૫ નાઓ પ્રતિવાદી કંપનીના ડાયરેકટર્સ છે. સદરહુ કંપનીએ વિન્ડફાર્મપાવર પ્રોજેકટના ઉદ્યોગ માટે સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા તાલુકાના ગામ મોજે પીપળીયા (ધાંધલ)ની સરકારી ટ્રાવર્સની જમીન રે. સર્વે નં. ૧૭૮/૧/૧ પૈકી (જેનો નવો રે. સર્વે નં. ૨૮૩) માંથી હે.૮–૦૦–૦૦ ચો.મી. જમીન સુરેન્દ્રનગરના જીલ્લા કલેકટરશ્રીના હુકમ ક્રમાંક નં. જમન–૩–વ–૪૬૦–૨૦૧૧ થી તા.૨૪/૦૨/૨૦૧૧ થી વિન્ડફાર્મનો ઉદ્યોગ સ્થાપવા માટે ૨૦ વર્ષના ભાડાપટ્ટેથી ફાળવવામાં આવેલ છે. ઉપરોકત વિગતે નામદાર કલેકટરશ્રીના ભાડાપટ્ટાના હુકમની રૂએ આ કામના પ્રતિવાદીએ સને–૨૦૧૧માં તેમને ફાળવેલ જમીન રે. સર્વે નં. ૧૭૮/૧/૧ પૈકીમાં વિન્ડફાર્મ પાવરપ્લાન્ટ કરવાને બદલે વાદીઓની માલિકીની જમીન રે. સર્વે નં. ૧૭૮/૧૦ માં MDW–68 પવનચકકી પ્લાન્ટ કરી નાંખેલ અને આ સમયે વાદીઓએ આ અંગે વાંધો–તકરાર લેતા શરૂઆતમાં આ કામના પ્રતિવાદીએ તેમણે કરેલ પ્લાન્ટેશન બરોબર છે અને ફાળવેલ જગ્યામાં જ કરેલાનું રટણ કર્યે રાખેલ અને છેવટે આ કામના પ્રતિવાદીના અધિકૃત અધિકારીને તેમની ભુલનું જ્ઞાન થતા વાદીઓને જણાવેલ કે, "શરતચુકથી તમારી જમીનમાં પવનચકકી ઉભી થઈ ગઈ

છે અને હવે આ વિન્ડફાર્મનું સ્થાનાંતર કરવામાં આવે તો ખુબ જ મહેનત અને ખર્ચ ભોગવવો પડે તેમ છે અને અમોએ આ પ્રોજેકટ ૨૦ વર્ષ સુધી રાખવાનો છે તેથી અમો તમોને સદરહુ પવનચકકી રાખવા આપવા માટેના વપરાશનું વળતર માસીક રૂા.૧,૦૦,૦૦૦/– લેખે ચુકવી આપીશુ." તેમ જણાવતા વાદીઓએ તેમની જમીનમાં આ વિન્ડફાર્મ પાવરપ્રોજેકટ રાખવા આપેલ. ત્યારબાદ વાદીઓ અવાર–નવાર આ પ્રોજેકટના જવાબદાર અધિકારીઓ ઈન્સ્પેકશન કરવા આવતા ત્યારે તેઓને આ વપરાશ–વળતરની વાત કરતા ત્યારે અધિકારીઓ તેમના ઉપલા અધિકારીઓને વાત કરીશું તેમ જણાવતા આવતા હતા અને વાદીઓ વપરાશ વળતરની અપેક્ષાએ ઉપલા અધિકારીઓના હકારાત્મક વલણની રાહ જોયે રાખતા હતા. વાદીઓ કાયદાથી અજ્ઞાત માણસો હોય અવાર–નવાર મામલતદાર કચેરીમાં રૂબરૂ રજુઆતો કરતા અને જીલ્લા ઈન્સ્પેક્ટર જમીન રેકર્ડમાં અરજીઓ કરી તેમની જમીનની માપણી કરાવેલ. પરંતુ વાદીઓની રજુઆતોને કોઈ સમર્થનકારી જવાબ મળતો ન હતો. આ દરમ્યાન માર્ચ–૨૦૨૩ ના અરસામાં આ કામના પ્રતિવાદી તેમનો વિન્ડફાર્મપાવર પ્રોજેક્ટ MDW–68 સ્થાનાંતરીત કરવા લાગતાની જાણ વાદીઓને થતા વાદીઓએ આ અંગે કારણ પુંછતા અને વપરાશ વળતરની માંગણી કરતા પ્રતિવાદીના અધિકારીઓ તદન ઉધ્ધતાઇભર્યું વલણ દાખવવા લાગતા વાદીએ નામ. જિલ્લા કલેકટરશ્રી તથા પોલીસ સમક્ષ તા.૨૭/૦૩/૨૦૨૩ ના રોજ ધોરણસરની અરજ કરેલ જે અંગે આ કામની પ્રતિવાદી કંપનીના જવાબદાર અધિકારીએ પ્રાંત અધિકાર સમક્ષ બાંહેધરી આપી કાયદાની રૂએ પ્રોજેકટ જેની જગ્યામાં હશે તે માન્ય રહેશે તેવી લેખીત બાંહેધરી આપેલ. આ દરમ્યાન વાદીઓએ તા. ૦૧/૦૪/૨૦૨૩ ના રોજ વકીલશ્રી મારફત નોટીસ પાઠવતા આ કામના પ્રતિવાદી તરફે તદન આશ્ચર્યજનક જવાબ

તા.૦૬/૦૪/૨૦૨૩ ના રોજ આપી તેઓએ વિન્ડફાર્મ પાવરપ્રોજેક્ટનું કરેલ પ્લાન્ટેશનવાળી જગ્યા વાદીઓની નથી પરંતુ પ્રતિવાદીને ફાળવેલ જગ્યામાં જ પ્રોજેક્ટ પ્લાન્ટ કરેલ છે તેમ જણાવેલ અને રાજકોટ એરપોર્ટનું કામ ચાલુ થયેલ હોય અને નિયામકશ્રી, નાગરીક ઉડ્ડયન, ગુજરાત સરકારના પત્ર આધારીત વિન્ડફાર્મપાવર પ્રોજેક્ટ MDW–68 સ્થાનાંતરીત કરવાનો છે. આ ઉપરાંત વાદીઓએ પ્રતિવાદીના અધિકારીઓને વાદીઓની જગ્યામાં આવતા અટકાવતા અને વિન્ડફાર્મ પાવરપ્રોજેક્ટ સ્થાનાંતરીત કરતા અટકાવતા પ્રતિવાદીના જવાબદાર અધિકારી ફરીથી કાયદાનુસાર પ્રોજેક્ટની જગ્યાની ચોકકસાઈ કરી વળતર વપરાશની સમજણ કરીશું તેવી સમજણ કરવાની ફરીથી બાંહેધરી આપવાની વાત કરેલ હતી. આમ છતાં આ કામના પ્રતિવાદી વાદીઓની જગ્યામાં પ્રવેશ કરી વાદીઓને વળતર ચુકવ્યા વિના વિન્ડફાર્મ પાવરપ્રોજેક્ટ MDW–68 સ્થાનાંતરીત કરીને વાદીઓને માર્ચ–૨૦૧૧ થી માર્ચ–૨૦૨૩ સુધીના ૧૪૪ માસના રૂા. ૧,૦૦,૦૦૦/– લેખેના વપરાશ વળતરની કુલ રૂા.૧,૪૪,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક કરોડ ચુમ્માલીસ લાખ પુરાની નુકશાની પહોંચાડી રહ્યા હોય, વાદીઓને હાલનો દાવો કરવા જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે. વાદગ્રસ્ત જમીનમાં પ્રતિવાદી દ્વારા અપ–પ્રવેશ કરી તેમનો પાવર પ્રોજેક્ટ કોઈ જાતના નુકશાન વળતર આપ્યા વિના સ્થાનાંતરીત કરી નાંખે તો વાદીઓને આર્થિક નુકશાન થાય તેમ છે અને વાદીઓની જમીનની ફળદ્રુપતા અને વાતાવરણમાં થયેલ નુકશાન વિગેરેના આર્થિક નુકશાનની જવાબદારી પણ પ્રતિવાદીઓના શિરે હોય પ્રતિવાદીને અટકાવવામાં ન આવે તો વાદીઓને નુકશાનનું વળતર મેળવવાનો હેતુ માર્યો જાય તેમ છે જેની સામે પ્રતિવાદીઓને દેખીતુ કોઈ નુકશાન નથી. જયારે વાદીને સદરહુ મિલ્કત પરત્વેના કિંમતી હકકોને પારાવાર નુકશાન પહોચે તેમ છે.

આમ, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરીપેરેબલ લોસ વાદીઓની તરફેણમાં છે.

**<u>વાદીએ દાવો લાવી દાદ માંગેલ છે કે,</u>**

૧. વાદીઓનો દાવો મંજુર કરી, આ કામના પ્રતિવાદીઓની હરેક પ્રકારની સ્થાવર–જંગમ મિલ્કતમાંથી વાદીઓની મિલ્કત જમીન રે. સર્વે નં. ૧૭૮/૧૦ માં માર્ચ–૨૦૧૧ થી માર્ચ–૨૦૨૩ સુધી આશરે ૧૪૪ માસના રૂા.૧,૦૦,૦૦૦/– લેખેના કુલ વળતરની રકમ રૂા. ૧,૪૪,૦૦,૦૦૦/– અંકે રૂપિયા એક કરોડ ચુમ્માલીસ લાખ પુરા વસુલ થતા સુધી ૧૨% ટકાના ચડત વ્યાજ સહિત વસુલ અપાવવાનો હુકમ તથા હુકમનામું કરી આપવા દાદા માંગેલ છે.

૨. આ કામના પ્રતિવાદી જાતે કે કોઈ શખ્સ કે સંસ્થા મારફત વાદીઓની જગ્યામાં ગુન્હાહીત પ્રવેશ કરે–કરાવે નહી અને વાદીઓના ભોગવટામાં દખલગીરી કરે કરાવે નહી તેવો પ્રતિવાદીઓ સામે આદેશાત્મક હુકમ ફરમાવી હુકમનામું કરી આપવા દાદ માંગેલ છે.

૩. વાદીના દાવાના વિષય મુજબ કાયદો અને સમન્યાયના ધોરણે હરેક પ્રકારની દાદ અપાવવા દાદ માંગેલ છે.

૪. દાવાનું ઈન્સાફી ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી વસુલ અપાવવા દાદ માંગેલ છે.

## (૨) <u>વાદીઓના દાવા સામે પ્રતિવાદીના જવાબની ટુંકમાં હકિકત:–</u>

**(૨.૧)** આ કામના પ્રતિવાદીના જણાવ્યા મુજબ વાદીઓનો હાલનો દાવો ખરો, કાયદેસર અને શુધ્ધ બુધ્ધિપુર્વકનો ન હોવાથી રદ થવાને પાત્ર છે. તેમજ પ્રતિવાદીએ કબુલ કર્યા સિવાયની તમામ હકીકતોને નકારી કાઢેલ છે અને ખરી હકીકતે જણાવેલ છે કે, વાદીએ દાવા અરજીના ટાઈટલમાં સુઝલોન ગુજરાત વિન્ડ પાર્ક લિમિટેડ એવું જણાવીને સુઝલોન ગ્લોબલ સર્વિસીઝ લિમિટેડ એવું લખેલું છે પરંતુ વાદી હકીકતમાં કઈ કંપની સામે હાલનો આ દાવો લાવે છે તે અંગેની કોઈ સ્પષ્ટતા તેમની દાવા અરજીમાં કરેલી નથી તેમજ જે પ્રતિવાદી પક્ષે એક થી પાંચ વાળાઓને ડાયરેક્ટરની હેસિયતે પક્ષકાર તરીકે દાખલ કરેલા છે તે પ્રતિવાદી નં. ૧ થી ૫ વાળા ઉપર જણાવેલ કંપની પૈકી કઈ કંપનીના ડાયરેક્ટર છે તે હકીકત પણ દર્શાવેલી નથી. પ્રતિવાદી કંપનીને વીન્ડ પાવર પ્રોજેક્ટના હેતુ માટે સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના ગામ પીપળીયા ધાંધલની સીમમાં આવેલ સરકારી ટ્રાવર્સની જમીન સર્વે નંબર ૧૭૮/૧/૧ પૈકી નવા સર્વે નંબર ૨૮૩ માંથી હેક્ટર ૮–૦૦–૦૦ ભાડા પટ્ટેથી સુઝલોન ગુજરાત વિન્ડ પાર્ક લિમિટેડ ને ફાળવવામાં આવેલ હતી. જે જમીનને બદલે પ્રતિવાદીઓએ વાદીની માલિકીની સર્વે નંબર ૧૭૮ /૧૦ વાળી જમીન પર એમ.બી.ડબલ્યુ.૬૮ પવનચક્કીનો પ્લાન્ટ ઊભો કરી નાખેલ હોવાની હકીકત વાદીએ તદન ખોટી દર્શાવેલ છે. પ્રતિવાદી તરફથી તેમને ગ્રાન્ટ કરવામાં આવેલ જમીન પર જ પ્લાન્ટ ઊભો કરેલ હોવાથી પ્રતિવાદી કંપનીના અધિકૃત અધિકારીને પોતાની ભૂલનું જ્ઞાન થવાનો પ્રશ્ન ઊભો થતો નથી. તેમજ પ્રતિવાદી કંપનીના જવાબદાર અધિકારી તરફથી શરતચૂકથી વાદીની જમીન પર પવનચક્કી ઊભી થઈ ગયેલ હોવાનું સ્વીકારવા, તે વિન્ડ ફાર્મનું સ્થળાંતર કરવામાં આવે તો ખૂબ જ મહેનત

અને ખર્ચ ભોગવવું પડે તેવું હોવા, આ પ્રોજેક્ટ ૨૦ વર્ષ સુધી જ રાખવાનો હોવા કે પવનચક્કીના વપરાશનું માસિક વળતર રૂા.૧,૦૦,૦૦૦/– લેખે ચુકવી આપવાની કોઈ જ બાહેધરી આપવામાં આવેલ નથી. વાદી તરફથી રજૂ કરવામાં આવેલા કોઈપણ દસ્તાવેજી આધારો વાદીએ જણાવેલ હકીકતને સમર્થન આપતા નથી. વાદીએ પ્રતિવાદી કંપનીઓના અધિકારીઓના હકારાત્મક વલણની રાહ જોતા હોવાની જે હકીકત જણાવેલી છે. તે કોઈપણ વ્યક્તિને ગળે ઉતરે તેવી નથી. આ પવનચક્કીનું ઈરેક્સન ઘણા વર્ષ અગાઉ થયેલું છે અને પવનચક્કીના ઈરેક્સન અગાઉ તેના ફાઉન્ડેશનની કાર્યવાહી કરવાની રહેતી હોય છે. ફાઉન્ડેશનની કાર્યવાહી કરવામાં એક્સકેવેશન વગેરેની કાર્યવાહી પણ કરવાની રહેતી હોય છે. તે રીતે એક્સકેવેશન કરવા માટે હેવી અર્થમુવર જેવી મશીનરી સ્થળ પર લાવીને કરવાનું રહેતું હોય છે. ત્યારબાદ તે ફાઉન્ડેશનમાં સ્ટીલ વિગેરે કટીંગ કરીને ગોઠવવાની કામગીરી કરવાની રહેતી હોય છે. તેમાં પણ ઘણો સમય લાગતો હોય છે. ત્યારબાદ તે સ્ટીલને સિમેન્ટ કૉંકીટિંગ કરીને ક્યોરિંગ પણ કરવાનું રહેતું હોય છે અને આ ક્યોરિંગ માટે પણ રિઝનેબલ સમય સુધી તે પ્રોસેસ કરવાની રહેતી હોય છે. તેમાં પણ ઘણા દિવસોનો સમય લાગતો હોય છે. સ્થળ ઉપર ફાઉન્ડેશન માટે સિમેન્ટ, રેતી, કાંકરી, લોખંડ વિગેરે મોટી માત્રામાં લાવવા પડતા હોય છે. એટલું જ નહીં પરંતુ ત્યારબાદ તે પવનચક્કી માટે જે પાંખડા સ્થળ ઉપર લાવવા પડતા હોય છે, તે દરેક એક–એક પાંખો અતિ મોટા લોંગ વ્હીકલમાં સ્થળ ઉપર અલગ લાવવાના રહે છે. આ પવનચક્કીનો મુખ્ય રોડ પર અતિ ભારે ઊંચો હોવાને કારણે તેને પાર્ટમાં સ્થળ ઉપર હેવી વ્હીકલ દ્વારા લાવવું પડતું હોય છે. આવી તમામ કાર્યવાહી કરવામાં ઘણો જ સમય લાગતો હોય છે. તેવી કાર્યવાહીના કોઈપણ તબક્કે પ્રતિવાદી કંપનીના ઓફિસર્સ, કોન્ટ્રાક્ટર્સ, એજન્ટોને અટકાવવાનો કોઈ જ પ્રયત્ન

કરવામાં આવેલો નથી. આમ, આટલા લાંબા સમય સુધી વાદી, પ્રતિવાદી કંપનીના જવાબદાર અધિકારીઓના હકારાત્મક વલણની રાહ જોતા હોવાની હકીકત હાસ્યાસ્પદ જણાય છે. કોઈપણ સામાન્ય વ્યક્તિ ઘડીભર તે અભણ અને અજ્ઞાન હોય તો પણ તે ચોક્કસપણે અન્ય કોઈ પ્રુડન્ટ વ્યક્તિની સલાહ મેળવીને ચોક્કસપણે કાનૂની કાર્યવાહીની શરૂઆત કરતો હોય છે. આટલા લાંબા સમય સુધી પરિસ્થિતિ સ્વીકારીને બેસી રહેવા માટેનું કોઈ જ વ્યાજબી કારણ વાદી દર્શાવી શકતા નથી. તેમાં પણ જો પ્રતિવાદી કંપનીના ઓફિસરોએ ઉદ્ધતાઈપૂર્વકનું વર્તન કરેલ હોવાનો આક્ષેપ કરવામાં આવતો હોય તો તેવા ઉદ્ધતાઈ પૂર્વકના વર્તન છતાં કાનૂની કાર્યવાહીની શરૂઆત નહીં કરવાનું કોઈ જ કારણ વાદી દર્શાવી શક્યા નથી. વાદી જણાવે છે તે મુજબ પ્રતિવાદી કંપનીને વર્ષ ૨૦૧૧ની સાલમાં જમીન મંજૂર થયેલી છે ત્યારબાદ બારેક વર્ષના સમયગાળા બાદ હાલનો આ દાવો લાવે છે જેથી દાવો ચાલવા પાત્ર રહેતો નથી.

**(૨.૨)** વાદી તરફથી કરવામાં આવેલ નોટિસનો આપવામાં આવેલ જવાબમાં જણાવ્યા મુજબના કારણસર પ્રતિવાદી કંપનીને મંજૂર થયેલ ભાડા પટ્ટા વાળી જમીન પરથી ઉભી કરવામાં આવેલ વિન્ડ મિલ નું સ્થળ ખસેડવાનું જરૂરી બનેલું હતું અને તેના વિકલ્પે કંપનીને અન્ય સ્થળ પણ ફાળવવામાં આવેલું છે, તે સ્થળ ઉપર આ વિન્ડ મિલ લઈ જવા માટે મંજૂર થયેલ જમીન પરથી રીમુવ કરીને નવા સ્થળે ખસેડવાનું પણ કામ પૂર્ણ થઈ ગયેલું છે. એટલું જ નહીં પરંતુ ત્યાં નવેસરથી ઈરેકશનની કામગીરી પણ શરૂ કરવામાં આવેલી છે. જુના સ્થળ વાળી જમીન પર વિન્ડમિલ રીમુવ કરી નાખવામાં આવેલી છે. પરંતુ તે વિન્ડમિલ નું સિમેન્ટ કોંક્રીટનું બનાવવામાં આવેલ ફાઉન્ડેશન રીમુવ કરવાનું બાકી છે. જે કામગીરીમાં વાદી તરફથી અટકાયત કરતા તે

કામગીરી કરી શકાયેલી નથી, પરંતુ તે કામગીરી કરવાની બાકી છે. આ રીતની કામગીરી કરીને તે જૂના સ્થળ વાળી જમીન સરેન્ડર કરી આપવાની છે અને તેનું અપાયેલ લીઝ રદ કરાવવાનું છે. એટલું જ નહીં પરંતુ જે સબ–લીઝ ઉપર જણાવેલ કંપનીને આપવામાં આવેલ છે, તે કંપની પણ પોતાનું સબ–લીઝથી સરેન્ડર કરી નાખવાનું પણ ફાઈનલ થયેલું છે. આ તમામ કાર્યવાહી વાદીની રૂકાવટને કારણે પૂર્ણ કરી શકાતી નથી. જે રીતે રૂકાવટ કરવા વાદીને કોઈ અધિકાર નથી. વધુમાં, જુના સ્થળને બદલે અપાયેલ નવા સ્થળ વાળી જમીન પર વિન્ડ મીલનું ઈરેકશન પૂર્ણ કરીને તે જ કંપનીને આપવાની કામગીરી કરવાની બાકી છે. આવી તમામ કામગીરીમાં વાદી તરફથી કરવામાં આવતી રૂકાવટને કારણે પ્રતિવાદી કંપનીને કે તેના દ્વારા સબ લીઝ પર લેનાર ઉપર જણાવેલ કંપનીને જે કાંઈ નુકસાની થઈ રહી છે અને હવે પછી થશે તેમજ ઇલેક્ટ્રિસિટીના જનરેશનની પ્રક્રિયાને વિલંબ થાય છે તે સંબંધે ભવિષ્યમાં કલેઈમ કરવા પ્રતિવાદી કંપની પોતાનો હક કાયમ રાખે છે.

(૨.૩) પ્રતિવાદીઓએ વાદીને વળતર ચૂકવવાનું પણ કોઈ કારણ રહેતું નથી કે તેવો કોઈ કરાર, સમજણ પક્ષકારો વચ્ચે થયેલી નથી. વાદી અને પ્રતિવાદી વચ્ચે તેવો કોઈ કન્કલુડેડ કોન્ટેક્ટ થયેલો હોય તેવુ પણ બનેલ નથી. વાદીએ પોતાની રીતે મનઘડત થિયરી ઊભી કરીને માર્ચ–૨૦૧૧ થી માર્ચ–૨૦૨૩ સુધીના ૧૪૪ માસના વપરાશ વળતરની માસિક રૂપિયા ૧,૦૦,૦૦૦/– ની ગણતરી કરી કુલ રકમ રૂા.૧,૪૪,૦૦,૦૦૦/– ની નુકસાની થયેલ હોવાનું જણાવેલ છે અને જો વાદી અને પ્રતિવાદી વચ્ચે કોઇ કરાર થયાનું માની લેવામાં આવે તો પણ વાદી લિમિટેશન એક્ટ, ૧૯૬૩ ની જોગવાઈ મુજબ ફક્ત ત્રણ જ વર્ષની વપરાશ વળતરની રકમ મેળવવા હકકદાર બને છે.

(૨.૪) વાદીના કબજામાં પવનચક્કી વાળી જમીન રહેલી જ નથી, વાદીએ તે જમીન પર ક્યારેય વાવેતર જ કરેલ નથી તેથી તેની ફળદ્રુપતાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. જો પવનચક્કીનું સ્થળાંતર કરવામાં આવે નહીં તો નવેસર પવનચક્કીનું ઈરેક્સન નહીં કરી શકવાને કારણે ઈલેક્ટ્રિસિટી જનરેશનનો લોસ થાય તેવી પરિસ્થિતિ ઉત્પન્ન થાય. આ પવનચક્કીનો પ્રોજેક્ટ ખાનગી હોય તો પણ તે પ્રોજેક્ટ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની વિદ્યુત ઉત્પાદનની મહત્વની પોલીસીનો ભાગ હોઈ રાષ્ટ્રીય પોલિસી કે રાજ્યની પોલીસીને અટકાવવા સમાન વાદી કોઈપણ પ્રકારનો હુકમ મેળવવા હકકદાર બનતા નથી. ખુદ વાદી જણાવે છે અને સ્વીકારે છે, તે મુજબ, પ્રતિવાદી કંપનીને વિન્ડ ફાર્મના પ્રોજેક્ટ માટે જિલ્લા કલેકટર તરફથી જમીન આપવામાં આવેલી છે, જે ભાડા પટ્ટેથી આપવામાં આવેલી છે. આમ, આ જમીનની માલિકી રાજ્ય સરકારની છે અને રાજ્ય સરકારના અધિકૃત અધિકારીની હેસિયતે તે જમીન પ્રતિવાદી કંપનીને ભાડા પટ્ટેથી અપાયેલી છે. આવા કિસ્સામાં જો વાદી પોતાનું સ્થળ અને ભાડાપટ્ટાથી અપાયેલ સ્થળ સંબંધે વિવાદ ધરાવતા હોય તો તેણે દાવામાં રાજ્ય સરકારને પક્ષકાર તરીકે દાખલ કરવા જરૂરી છે. આમ, આ દાવામાં રાજ્ય સરકારની પક્ષકાર તરીકેની હાજરી વિના આ દાવાના સ્થળ અને સ્થાનનો ચોક્કસ નિર્ણય કરી શકાતો નથી. તેથી આ દાવામાં તે પક્ષકારને દાખલ કરેલ ન હોવાને કારણે પક્ષકારની ખામી છે. તેમજ પ્રતિવાદી કંપનીને સરકારી જમીન સુરેન્દ્રનગરના કલેક્ટરશ્રી તરફથી ભાડા પટ્ટેથી આપવામાં આવેલી છે. તેમાં શરત નંબર ૧૮ મુજબ આ પ્રતિવાદી કંપનીએ વિકાસ કરનાર છે અને આવી વિકાસ કરનાર વ્યક્તિએ પોતે ભાડે પટ્ટેથી મેળવેલ જમીન વિકાસ કર્યા બાદ ક્લાયન્ટને એક વખત સબ લીઝ કરી શકશે, તેવા અધિકારો પણ આપવામાં આવેલા છે અને તેવી મંજૂરી પણ આપવામાં આવેલી છે. તે

મુજબ વિકાસ કરનાર એ જમીનથી અન્ય વ્યક્તિ સંસ્થા કે કંપનીને આપે તો તેવી સબ લીઝ લેનાર વ્યક્તિ એ જમીનના ભાડાની રકમ સરકારમાં ભરવાની રહે છે અને તેવી સબ લીઝથી મેળવનાર વ્યક્તિ તે પર ઊભી કરવામાં આવેલી પવનચક્કી દ્બારા ઇલેક્ટ્રિસિટી જનરેટ કરે છે. આ કિસ્સામાં વાદીએ દાવામાં જણાવેલ નોટિસ કરતા પ્રતિવાદી તરફથી તે નોટિસનો જવાબ જે આપવામાં આવેલો હતો. તેમાં સ્પષ્ટ પણે જણાવેલું છે કે, આ પ્રતિવાદી કંપનીએ તે સ્થળ ઉપર ઊભી કરેલી પવનચક્કી ગુજરાત સ્ટેટ ફર્ટીલાઇઝર એન્ડ કેમિકલ લિમિટેડને સબ લીઝ પર આપેલી છે. આમ, આ દાવામાં નામદાર કોર્ટ તરફથી કોઈપણ હુકમ કરવામાં આવે તો તેની સીધી અસર કાયદેસરના સબ લીઝીને થાય તેવું છે, ત્યાં તેવા સબલીઝીને સાંભળ્યા કે રજૂઆત કરવાની તક આપ્યા સિવાય કોઈ હુકમ કરી શકાતો નથી. તેથી આ દાવામાં તે ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર એન્ડ કેમિકલ લિમિટેડ પણ જરૂરી પક્ષકાર છે. આમ, આ દાવામાં તે રીતે પક્ષકારની ખામી છે.

(૨.૫) વાદીની દાવા અરજી મુજબ જે જમીન વાદી પોતાની જણાવે છે, તે જમીન પણ મૂળ સરકારની માલિકીની હોવાનું જણાય છે અને સરકાર તરફથી તે ગ્રાન્ટ કરવામાં આવેલી હોય તેવા આધાર રજૂ કરવામાં આવેલા છે. તે જ રીતે આ પ્રતિવાદી નંબર–૧ વાળી કંપનીને પણ જે જમીન આપવામાં આવેલી છે, તે જમીન પણ સરકાર તરફથી આપવામાં આવેલી છે. વાદી પોતાની જમીનના જે સર્વે નંબર જણાવે છે, તે જૂના સર્વે નંબર ૧૭૮ નો ભાગ હોવાનું જણાવે છે. તે જ રીતે આ પ્રતિવાદી કંપનીને પણ જે જમીન મંજૂર કરવામાં આવેલી છે. તે જમીન પણ ૧૭૮ નો ભાગ હોવાનું સ્પષ્ટ થાય છે. આમ, હાલના દાવામાં વાદી હકીકતમાં પોતાની કહેવાતી જમીનની હદ–સનંદ અંગે બાઉન્ડ્રી ડિસપ્યુટ ધરાવે છે. આમ, આ પ્રકારની તકરારોનું નિરાકરણ કરવા માટે ગુજરાત લેન્ડ

રેવેન્યૂ કોડ એ કમ્પ્લીટ કોડ છે. તેમાં પૂરતી જોગવાઈઓ રાખીને આ પ્રકારની તકરારોનું નિરાકરણ કરી શકાય છે. આ પ્રકારના કિસ્સામાં વાદીએ રેવન્યુ જ્યુરીશ્ડીકશન એકટ નીચે રેવન્યુ લોઝ તળે મળવા પાત્ર રેમેડી એક્ઝોસ્ટ કરવાની રહે છે. તેવી રેમેડી એક્ઝોસ્ટ કર્યા સિવાય વાદી સિવિલ કોર્ટ સમક્ષ દાદ માંગી શકતો નથી . આમ, વાદીને નાણામાં ન આંકી શકાય તેવા પ્રકારનું કોઈ નુકસાન થાય તેવું નથી. જ્યારે પવનચક્કી ઊભી કરવામાં આવેલી હતી તે સ્થળનો કબજો ભોગવટો કાયદેસર રીતે પ્રતિવાદી કંપનીએ મેળવીને અન્ય કંપનીને શરતો મુજબ લીઝ પર આપેલી છે. તેમજ ખુદ વાદીએ જ તેમના કહેવા પ્રમાણે તેણે નાયબ કલેક્ટરશ્રી કે, કલેક્ટરશ્રી સમક્ષ પોતાની રજૂઆત કરેલી હોય તેમ છતાં તે ઓથોરિટીને વાદીની રજૂઆત અન્વયે કોઈ પગલા લેવાનું વ્યાજબી ન લાગ્યું હોય તે પરથી જ વાદીનો કોઈ પ્રથમ દર્શનીય કેસ, પ્રથમ દર્શનીય ટાઈટલ, પ્રથમ દર્શનીય કોઈ રાઈટ અસ્તિત્વમાં નહીં હોવાનું સ્પષ્ટ છે. જો પ્રતિવાદી અને પ્રતિવાદી વતી કાયદેસર રીતે પવનચક્કી દ્વારા ઈલેક્ટ્રીકનું જનરેશન કરનાર સંસ્થા કે, વ્યક્તિને કાયદેસરના હુકમોનું અને કાયદેસરની રીતે પવનચક્કી દ્વારા ઈલેક્ટ્રિસિટી જનરેટ કરતા અટકાવવામાં આવે તો તેને પારાવાર નાણામાં આંકી શકાય નહીં તેવા પ્રકારનું નુકસાન થાય. આમ, વાદીનો પ્રથમ દર્શનીય કેસ કે, ટાઈટલ નહીં હોવાને કારણે વાદીનો કોઈ હાલનો આ દાવો લાવવા માટે લીગલ રાઈટ રહેલો નથી. આમ, જ્યાં લીગલ રાઈટ ન હોય ત્યાં વાદીને લીગલ ઈન્જરી પણ થઈ શકતી નથી. જેથી વાદી તેમની દાવા અરજીમાં માગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકકદાર ન હોઈ, વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૩) વાદીઓ તરફે દાવા અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

| −:: મૌખિક પુરાવા:− | | |
|---|---|---|
| ક્રમ | વિગત | આંક |
| ૧. | વાદી નં.૧ ભરતભાઇ જીવાભાઇ ધાંધલનાઓનું સિવિલ પ્રોસીજર કોડના ઓર્ડર−૧૮, રુલ−૪ મુજબનું સરતપાસનું સોગંદનામુ. | ૨૭ |
| ૨. | વાદી નં.૨ ધાંધલ ગભરૂભાઇ જીવાભાઇનાઓનું સિવિલ પ્રોસીજર કોડના ઓર્ડર−૧૮, રુલ−૪ મુજબનું સરતપાસનું સોગંદનામુ. | ૫૬ |
| ૩. | વાદી તરફે સાહેદ કિરપાલસિંહ ચંદ્રસિંહ રાઠોડનાઓની જુબાની | ૫૯ |

| :: દસ્તાવેજી પુરાવા:− | | |
|---|---|---|
| ક્રમ | વિગત | આંક |
| ૧. | ગામ નમુના નં.૬ હકકપત્રક નોંધ નં.૭૫ ની નકલ | ૨૯ |
| ૨. | ગામ નમુના નં.૬ હકકપત્રક નોંધ નં.૧૭૩ ની નકલ | ૩૦ |
| ૩. | ગામ નમુના નં.૬ હકકપત્રક નોંધ નં.૪૯૨ ની નકલ | ૩૧ |
| ૪. | ગામ નમુના નં.૬ હકકપત્રક નોંધ નં.૭૫૨, ૮૧૬, ૮૩૬ ની નકલ | ૩૨ |
| ૫. | ગામ નમુના નં.૬ હકકપત્રક નોંધ નં.૧૦૨૩ ની નકલ | ૩૩ |
| ૬. | ગામ નમુના નં.૬ હકકપત્રક નોંધ નં.૧૦૭૦ ની નકલ | ૩૪ |
| ૭. | ગામ નમુના નં.૬ હકકપત્રક નોંધ નં.૧૦૭૨ ની નકલ | ૩૫ |
| ૮. | ગામ નમુના નં.૬ હકકપત્રક નોંધ નં.૧૧૧૯ ની નકલ | ૩૬ |
| ૯. | ગામ નમુના નં.૬ હકકપત્રક નોંધ નં.૧૧૯૬ ની નકલ | ૩૭ |
| ૧૦. | ખેડુત ખાતા નં.૧૫૫ નો ગામ નમુનો નં.૮−અ ની નકલ | ૩૮ |
| ૧૧. | રે.સર્વે નં.૩૬૭નો ગામ નમુનો નં.૭ અને ૧૨ની નકલ | ૩૯ |
| ૧૨. | વાદીએ પ્રતિવાદીને વકીલ મારફતે મોકલેલ નોટસની સ્થળપ્રત | ૪૦ |
| ૧૩. | પરમાર મનુભાઇ વશરામભાઇનું અસલ સોગંદનામુ | ૪૧ |
| ૧૪. | પ્રતિવાદીએ વાદીની નોટીસનો આપેલ જવાબની નકલ | ૪૩ |
| ૧૫. | પ્રતિવાદીએ મામલતદારશ્રી, ચોટીલાનાઓને કરેલ | ૬૦ |

| | | |
|---|---|---|
| | અરજી નાયબ કલેકટરશ્રી , ચોટીલાને મોકલી આપેલાના પત્રની નકલ | |
| ૧૬. | કલેકટર કચેરીના જમીન ફાળવણીના તા.૨૪/૦૨/૨૦૧૧ ના રોજના હુકમની નકલ | ૬૧ |
| ૧૭. | સર્વે નં.૧૭૮/પૈકી ૧૦ ના ગામ નમુના નં.૭ ની નકલ | ૬૨ |
| ૧૮. | સર્વે નં.૧૭૮/૧/૧ ના ગામ નમુના નં.૭ ની નકલ | ૬૩ |
| ૧૯. | વાદીઓએ કલેકટર કચેરીમાં કરેલ અરજીઓ અન્વયે કલેકટર કચેરી દ્વારા કરવામાં આવેલ કામગીરીના અંગેના દસ્તાવેજોની નકલ (કુલ ૫૩ પાના) | ૬૪ |

(૪) વાદી તરફે સદર દાવામાં વધુ પુરાવો રજુ કરવો ન હોય તે અંગે આંક-૬૫ થી પુરાવો પુરો કર્યાની પુરસીસ આપવામાં આવેલ છે.

(૫) હાલના કામે પ્રતિવાદી તરફે મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવો ન હોય, પ્રતિવાદીએ આંક-૬૭થી પુરાવો પુરો કર્યાની પુરસીસ આપવામાં આવેલ છે.

(૬) આ કામે વાદીઓની દાવા અરજી તથા પ્રતિવાદી તરફે રજુ થયેલ લેખિત જવાબ ધ્યાને લઈ નિર્ણય માટે મારા પુરોગામી વિ.ન્યાયાધિશ દ્વારા આંક-૨૩ થી નીચે મુજબના મુદ્દાઓ ઘડવામાં આવેલ છે.

૧. શું વાદીઓ સાબીત કરે છે કે, વાદીઓને દાવા અરજી પેરા-૧ વિગતે સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા તાલુકા મોજે પીપળીયા (ધાધલ) ની સીમ રે.સ.નં.૩૬૭ (જુના રે.સર્વે નં.૧૭૮/૧૦) હે.૨-૩૨-૭૦ આરે. ચો.મી. જમીન આવેલી છે અને તેનો વાદી કબજો ભોગવટો માલીકી હકક ધરાવે છે ?

૨. શું વાદીઓ સાબીત કરે છે કે, પ્રતિવાદીએ રે.સ.નં.૧૭૮/૧૦ માં પવનચકકી પ્લાન્ટ નાંખી ગેરકાયદેસર રીતે વાદીઓની જમીન પર દબાણ કરી વાપર ભોગવટો કરેલ છે ?

૩. શું વાદીઓ સાબીત કરે છે કે, પ્રતિવાદીઓએ તા.૦૬/૦૪/૨૦૨૩ના માર્ક ૩/૧૮ નાં દસ્તાવેજથી વળતર સબંધેનાં બાંહેધરી ખત લખી આપેલ છે ?

૪. શું વાદીઓ સાબીત કરે છે કે, પ્રતિવાદીઓએ માર્ચ–૨૦૧૧ થી માર્ચ–૨૦૨૩ સુધી કુલ ૧૪૪ માસ વાદીની જમીનનો ગેરકાયદેસર વાપર ભોગવટો કરતા રૂા.૧,૪૪,૦૦,૦૦૦/– ની નુકશાની વાદીઓને કરેલ છે ?

૫. શું વાદીઓ નુકશાની વળતર રકમ મેળવવા હકકદાર છે ? જો હા, તો કેટલી રકમ?

૬. આ દાવાનુ કારણ સાચુ અને કાયદેસર છે ?

૭. શું વાદીઓ માંગ્યા મુજબ દાદ મેળવવા હકકદાર છે ?

૮. શું હુકમ અને હુકમનામુ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓ અન્વયે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં,

૨. હકારમાં,

૩. નકારમાં,

૪. નકારમાં,

૫. અંશત: હકારમાં,

૬. હકારમાં,

૭. અંશત: હકારમાં,

૮. આખરી હુકમ મુજબ

## (૮) <u>પુરાવાનું મુલ્યાંકત તથા નિર્ણય ઉપર આવવાના કારણો.</u>

(૮.૧) વાદી નં.૧ ભરતભાઈ જીવાભાઈ ધાંધલનાઓએ આંક–૨૭ થી પોતાનુ પુરાવાનું સોગંદનામુ રજુ રાખેલ છે જેમાં તેઓએ દાવા અરજીની હકીકતોને સોગંદ ઉપર દોહરાવેલ છે. વાદી નં.૧ ની પ્રતિવાદી તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, હું ધોરણ–૧૦ પાસ સુધી ભણેલ છું. સુઝલોન ગુજરાત વીંડ પાવર લી. અને સુઝલોન ગ્લોબલ સર્વીસીસ લીમીટેડ બંને એક જ કંપની છે. એ વાત ખરી છે કે, સદર કામના પ્રતિવાદી નં. ૧ થી ૫ કંપનીના ડીરેકટર હોય તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો સદરહું દાવાના કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી નથી કે, સુઝલોન ગુજરાત વીંડ પાવર લી. ને ચોટીલા તાલુકાના ગામ પીપળીયા(ધાધલ)ની સીમમાં આવેલ સરકારી ટાવરની જમીન સર્વે નં. ૧૭૮/૧/૧ પૈકી જેના નવા સર્વે નં. ૨૮૩ માંથી હે. ૮–૦૦–૦૦ આરે. ભાડા પટ્ટેથી મંજુર કરી ફાળવવામાં આવેલી. વાદી સ્વૈચ્છાએ જણાવે છે કે, અમારી જમીન જેના જુના સર્વે નં. ૧૭૮/૧૦ જેના નવા સર્વે નં. ૩૬૭ માં પવનચકકી સ્થાપિત કરેલ છે. એ વાત ખરી નથી કે, અમારા દાવામાં સુઝલોન ગુજરાત વીંડ પાવર લી. ને ચોટીલા તાલુકાના ગામ પીપળીયા(ધાધલ) ની સીમમાં આવેલ સરકારી ટાવરની જમીન સર્વે નં. ૧૭૮/૧/૧ પૈકી જેના નવા સર્વે નં. ૨૮૩ માંથી જમીન ૨૦ વરસના ભાડા પટ્ટેથી આપેલ છે તેવું કબુલ

કરેલ છે. આંક–૨૭ વાળું પુરાવાનું સોગંદનામું અમોએ કરેલ છે અને અમોએ વાંચીને તેમા સહી કરેલ છે. સદરહું પુરાવાના સોગંદનામાના પેરા–૨ ની હકીકત જે લખેલ છે તે સાચી નથી. એ વાત ખરી છે કે, કોઈપણ પવનચકકી સ્થાપિત કરતા પહેલા તેનું ફાઉન્ડેશન તૈયાર કરવું પડે અને તેના માટે ઉંડા ખાડા ખોદવા પડે છે. એ વાત ખરી નથી કે, કંપની દ્વારા પવનચકકી માટે ચાર ઉડા ખાડા ખોદવામાં આવેલા. વાદી સ્વૈચ્છાએ જણાવે છે કે, એક જ ખાડો ખોદવામાં આવેલ હતો. એ વાત ખરી છે કે, આ ફાઉન્ડેશનની કાર્યવાહી કરવા માટે કંપની વાળા મશીનરી અને વાહનોની સાધન સામગ્રી સને ૨૦૧૧ માં ત્યાં લાવેલા. એ વાત ખરી છે કે, આ જમીનને સમથળ કરવાની કાર્યવાહી સને ૨૦૧૧ માં ચાલુ હતી. એ વાત ખરી છે કે, આ ખાડા ખોદાતા હતા ત્યારે અમોએ કોઈ લેખિતમાં વાંધા આપેલ ન હતા. વાદી સ્વૈચ્છાએ જણાવે છે કે, અમે મૌખિકમાં મામલતદારશ્રીને જાણ કરેલ હતી. એ વાત ખરી છે કે, ત્યાર બાદ અમોએ મામલતદાર, પ્રાંત અધિકારી કે કલેકટરશ્રીનાઓ સમક્ષ લેખિતમાં કોઈ વાંધા આપેલ ન હતા. એ વાત ખરી છે કે, કલેકટરશ્રી દ્વારા સદરહું પવનચકકીની કાર્યવાહી શરુ થઇ ગયા બાદ અમોએ તેની સામે કોઇ અપીલ કરેલ ન હતી. એ વાત ખરી છે કે, સદરહું પવનચકકી વાળી જગ્યા ઘણી વખત ઈન્સપેકશન માટે અધિકારીઓ આવતા હતા તેમની સમક્ષ અમોએ કોઇ લેખિત વાંધા રજુ રાખેલ ન હતા. વાદી સ્વૈચ્છાએ જણાવે છે કે, અમોએ મૌખીક રજુઆત કરેલી. એ વાત ખરી છે કે, અમોએ મૌખીક રજુઆત કર્યા બાદ સને ૨૦૧૧ માં કોર્ટમાં કોઇ દાવો કે મનાઈ અરજી દાખલ કરેલ ન હતી. સદરહું પવનચકકીના ફાઉન્ડેશનથી લઇને સ્થાપનની કાર્યવાહી પુર્ણ થવામાં આશરે બે મહીના જેટલો સમય લાગેલ હતો. એ વાત ખરી છે કે, પવનચકકીના પાંખીયા એક ટ્રકમાં એક આવે અને તેના થાંભલો પણ સ્પેશ્યલ ટ્રકમાં આવતો હોય છે. એ વાત ખરી નથી કે, આ તમામ

કાર્યવાહી દરમ્યાન અમોએ કોઇને અટકાવવાનો પ્રયત્ન કરેલ ન હતો. વાદી સ્વૈચ્છાએ જણાવે છે કે, અમને તેઓ કોઈ દાદ આપતા ન હતા. સને ૨૦૧૧ માં અમારી જમીનમાં ગેરકાયદેસર રીતે કંપનીવાળા પવનચકકી સ્થાપન કરતા હોય તે અંગેની ફરીયાદ અમોએ પોલીસ સ્ટેશનમાં કરેલ ન હતી. એ વાત ખરી નથી કે, પ્રતિવાદીઓ પવનચકકીના સ્થાપનની કાર્યવાહી કલેકટરશ્રી દ્વારા ફાળવામાં આવેલ જમીનમાં જ કરતા હોય અમોએ તેમને રોકેલ ન હતા. અમોએ સદરહું પવનચકકીની સ્થાપના અમારી જમીનમાં થઈ રહેલ છે તે અંગે માપણી ડી.આઇ.એલ.આરમાં સને ૨૦૧૬માં કરાવેલી. એ વાત ખરી નથી કે, ડી.આઇ.એલ.આર. વાળાએ એવું કહેલ કે, આ પવનચકકી ફાળવેલ જમીનમાં જ છે તમારી જમીનમાં નથી તેથી માપણી કરવાનો સવાલ નથી. એ વાત ખરી છે કે, ડી.આઇ.એલ.આર. ના માપણી રીપોર્ટ સામે અમો કોઈ એપેલેટ ઓથોરીટીમાં ગયેલ નથી. એ વાત ખરી નથી કે, સદરહું પ્રતિવાદી કંપનીના માણસોએ અમારી સામે કોઇ ઉધ્ધતાઈનું વર્તન કરેલ નથી. એ વાત ખરી છે કે, કંપનીના માણસોના ઉધ્ધતાઇભર્યા વર્તન વિરુધ્ધ અમોએ કોઈ પોલીસ સ્ટેશનમાં કે અન્ય કોઈ જગ્યાએ કાનુની કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી નથી કે, કંપનીના અધિકારી દ્વારા અમને બાહેંધરી આપવાની હકીકત સોગંદનામામાં ખોટી જણાવેલ છે. એ વાત ખરી છે કે, સરતપાસમાં કંપનીના કર્મચારીઓના ઉધ્ધતાઈભર્યા વર્તનની જે હકીકત જણાવેલ છે તેઓના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે કે, અમો દ્વારા પ્રતિવાદીઓને જે નોટીસ આપવામાં આવેલ હતી તેનો પ્રતિવાદીઓએ જવાબ આપેલ છે અને એ જવાબ મેં વાંચેલ છે. મને નિશાની ૩/૧૭ વાળો પ્રતિવાદીનો જવાબ બતાવામાં આવે છે જે જોઈને કહુ છું કે તે મેં વાંચેલ છે (આંક–૪૩). એ વાત ખરી છે કે, આંક–૪૩ ના પેરા ૩ માં શ્રી ગુજરાત સ્ટેટ ફર્ટીલાઇઝર એન્ડ કેમીકલ લી. નો જે ઉલ્લેખ કરવામાં

આવેલ છે તેને સદરહું દાવાના કામે પ્રતિવાદી તરીકે જોડવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, સને ૨૦૨૦ માં રાજકોટ એરપોર્ટ બનાવવાનું હતુ જેથી આ પ્રોજેકટ ત્યાંથી ખસેડી લેવાનો હતો. એ વાત ખરી છે કે, સને ૨૦૧૧ થી માર્ચ ૨૦૨૩ સુધીનો માસીક રૂપીયા એક લાખ લેખે અમને વપરાશ બદલ આપીશુ તેવો કોઈ લેખિત કરાર કરી આપેલ નથી. વાદી સ્વૈચ્છાએ જણાવે છે કે, મૌખિક રીતે અમોને જણાવેલ હતું. એ વાત ખરી છે કે, સદરહું દાવા સિવાય અમોએ પ્રતિવાદીઓ વિરૂધ્ધ બીજો કોઈ દાવો કરેલ નથી. એ વાત ખરી નથી કે, અમારી જમીન ઉપર આ કામના પ્રતિવાદીઓએ પવનચકકીનો કોઈ પ્રોજેકટ ઉભો કરેલ ન હોવા છતા અમોએ વળતર મેળવવા આ ખોટો દાવો કરેલ છે. એ વાત ખરી નથી કે, સર્વે નં. ૧૭૮/૧૦ વાળી જમીન અમારી માલીકીની હોવા અંગેનો કોઈ પુરાવો સદર દાવાના કામે અમે રજુ રાખેલ નથી. એ વાત ખરી નથી કે, સદર દાવામાં ખોટી હકીકતો જણાવી, ખોટું દાવાનું કારણ બતાવી, ખોટુ સોગંદનામું કરી ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી છે કે, રે.સ.નં. ૧૭૮ બહુ મોટી જમીન છે. એ વાત ખરી છે કે, રે.સ.નં. ૧૭૮ ના કેટલા ભાગ પડયા તેનો આધાર પુરાવો સદર કામે રજુ કરેલ નથી. વાદી સ્વૈચ્છાએ જણાવે છે કે, અમારા રે.સ.નં. ૧૭૮/૧૦ ની માપણી શીટ અમોએ રજુ રાખેલ છે. એ વાત ખરી છે કે, સદરહું દાવાના કામે રે.સ.નં. ૧૭૮/૧૦ માં અમો વાવેતર કરીને આવક મેળવતા હોય તેવો કોઇ આધાર રજુ રાખેલ નથી.

(૮.૨) વાદી નં.૨ ધાંધલ ગભરૂભાઇ જીવાભાઇનાઓએ આંક–૫૬ થી પોતાનુ પુરાવાનું સોગંદનામુ રજુ રાખેલ છે જેમાં તેઓએ દાવા અરજીની હકીકતોને સોગંદ ઉપર દોહરાવેલ છે. વાદી નં.૨ ની પ્રતિવાદી તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, સુઝલોન ગ્લોબલ સર્વીસીસ લીમીટેડના

ડાયરેકટર કોણ કોણ છે તેનો કોઈ આધાર પુરાવો આ કામે રજુ કરેલ નથી. હું ધોરણ ૪ સુધી ભણેલ છુ. એ વાતની મને ખબર નથી કે, રેવન્યુ સર્વે નંબર ૧૭૮ મુળ કુલ કેટલા માપનો હતો. અમારા ખેતર છે તેમા અમારા બે ભાગ અમારા ભાઈના છે. એ વાત ખરી છે કે, મેં પવનચકકી જોયેલ છે. એ વાતની મને ખબર નથી કે, પવનચકકી ઉભી કરતા કેટલો સમય લાગે. મારા ખેતરમાં સને–૨૦૧૧માં કપાસનું વાવેતર કરેલ. એ વાત ખરી છે કે, સને ૨૦૧૧માં પવનચકકી ઉભી કરવામાં આવેલ ત્યારે અમોએ વાંધા લીધેલ હતા. એ વાત ખરી છે કે, આ પવનચકકી ઉભી કરવાની હતી તેના વિરુધ્ધમા અમોએ કોઇ પણ અરજી સરકારમાં કરેલ નથી. એ વાત ખરી છે કે, પવનચકકીનો ઉભી કરવાનો હુકમ કલેકટરે કરેલ. સાહેદ ખુલાસામાં જણાવે છે કે, ૧૭૮/૧ માં ફાળવેલ હતી અને પવનચકકી ઉભી ૧૭૮/૧૦ સર્વે નંબરમાં ઉભી કરી દીધેલ છે. એ વાત ખરી છે કે, સને–૨૦૧૮માં આ પવનચકકી અમારા ખેતરમાં ઉભી કરી દીધેલ છે. તેવી અરજી કલેકટરમાં કરેલી. એ વાત ખરી છે કે, તો પણ પવનચકકી દુર કરવામાં આવેલ નહી. પવનચકકીના કામમાં જે અધીકારી આવતા હતા તેમાં લાખાભાઈ નામવાળા વ્યકિત આવતા હતા. લાખાભાઈ પવનચકકીની કંપનીમાં શું હોદો ધરાવતા હતા તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે, સને–૨૦૧૧માં કપાસનું વાવેતર કરેલ તે બતાવતો કોઇ આધાર મેં આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, પવનચકકી વાળાએ અમારા નોટીસનો જવાબ આપેલો. એ વાત ખરી છે કે, સને–૨૦૧૧ થી આજદીન સુધી આ દાવો કર્યા સુધી અગાઉ કોઇ દાવો કોર્ટમાં કરેલ નથી. એ વાત ખરી નથી કે, પવનચકકી કંપનીના કોઇ અધીકારીએ વળતર આપવા બાબતે કહેલ નથી. એ વાત ખરી નથી કે, પવનચકકી સરકારે જમીન ફાળવેલ ત્યાં જ ઉભી કરવામાં આવેલ હતી. એ વાત ખરી છે કે, સુઝલોન ગુજરાત વીંડ પાવર લી. અને સુઝલોન ગ્લોબલ

સર્વીસીસ લીમીટેડ બંને એક જ કંપની છે. એ વાત ખરી છે કે, સદર કામના પ્રતિવાદી નં. ૧ થી ૫ કંપનીના ડીરેકટર હોય તે અંગેનો કોઈ દસ્તાવેજી પુરાવો સદરહું દાવાના કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે, આ કામે સરકારને પક્ષકાર તરીકે જોડવામાં આવેલ નથી. એ વાત ખરી છે કે, અમોએ પવનચકકીને જમીન ફાળવેલ તે બાબતે તેની સામે કલેકટરમાં કે સચિવમાં કોઈ અરજી કરેલ નથી. એ વાત ખરી નથી કે, સુઝલોન ગુજરાત વીંડ પાવર લી. ને ચોટીલા તાલુકાના ગામ પીપળીયા (ધાધલ) ની સીમમાં આવેલ સરકારી ટાવરની જમીન સર્વે નં. ૧૭૮/૧/૧ પૈકી જેના નવા સર્વે નં. ૨૮૩ માંથી હે. ૮–૦૦–૦૦ આરે. ભાડા પટ્ટેથી મંજુર કરી ફાળવવામાં આવેલી. વાદી સ્વેચ્છાએ જણાવે છે કે, અમારી જમીન જેના જુના સર્વે નં. ૧૭૮/૧૦ જેના નવા સર્વે નં. ૩૬૭ માં પવનચકકી સ્થાપિત કરેલ છે. એ વાત ખરી નથી કે, મેં મારા દાવામાં અમારી જમીનની ચર્તુદીશા જણાવેલ નથી. એ વાત ખરી છે કે, હાલમાં પવનચકકી ત્યાંથી હટાવી લેવામાં આવેલ છે. એ વાત ખરી નથી કે, પવનચકકી જયાથી હટાવી લેવામાં આવેલ છે તે જમીન મારી નથી કે મારા કબ્જામાં નથી. એ વાત ખરી છે કે, આ કામે અમોએ કોમર્શીયલ કોર્ટ હેઠળ દાવો દાખલ કરેલ નથી. એ વાત ખરી છે કે, પવનચકકીના કોઈ પણ અધિકારી એ વળતર આપવાની બાંહેધરી આપેલ નથી. એ વાત ખરી નથી કે, પવનચકકીના કોઈ અધિકારી કર્મચારીએ અમારી જમીનમા પવનચકકી ઉભી કરેલ નથી. એ વાત ખરી નથી કે, આ કામે અમોએ સમય મર્યાદા બહાર જઈને ખોટી રીતે વળતર મેળવવા માટે ખોટો દાવો કરી ખોટી જુબાની આપુ છુ.

(૮.૩) વાદી તરફે સાહેદ કિરપાલસિંહ ચંદ્રસિંહ રાઠોડનાઓને આંક–૫૯ થી તપાસવામાં આવેલ છે. વાદી તરફે તેમની સરતપાસ લેવામાં આવેલ છે જેમાં તેઓએ એવી હકીકત જણાવેલ છે

કે, આ કામે મને નામ. કોર્ટનો સાક્ષી સમન્સ મળેલ છે જેથી હું આજરોજ સાક્ષી તરીકે જુબાની આપવા આવેલ છુ. મને સાક્ષી સમન્સમાં જણાવેલ દસ્તાવેજો પૈકી ઉપલબ્ધ થયેલ દસ્તાવેજો લાવેલ છુ . મને ભરતભાઈ જીવાભાઈ ધાંધલ(વાદી) એ અમારી કચેરી સમક્ષ તા.૨૭/૦૩/૨૦૨૩ ના રોજ જે અરજી કરેલ તે અમોને કચેરીમાં તા.૩૧/૦૩/૨૦૨૩ ના રોજ ઈનવર્ડ કરવામાં આવેલ તે અરજી બાબતે પુછતા જણાવુ છુ કે, "અમારી કચેરી તરફથી તા.૦૭/૦૬/૨૦૨૩ ના પત્રથી નાયબ કલેકટરશ્રી ચોટીલા તરફ તપાસ અર્થે મોકલેલ છે." અમોની કચેરીને અરજી મળ્યાબાદ સ્થળ નિરિક્ષણ તથા સુઝલોન વીન્ડ ફાર્મના અધિકારીનો જવાબ મેળવેલ છે કે કેમ તે બાબતે પુછતા જણાવુ છુ કે, 'સદરહુ અરજી નાયબ કલેકટરશ્રી ચોટીલાને તપાસ અર્થે મોકલેલ હોય તેઓ દ્વારા સ્થળ નિરિક્ષણ કરી અહેવાલ રજુ થયા બાદ અમોની કચેરી દ્વારા કાર્યવાહી કરવાની રહે છે." મેં ઉપરોકત જણાવેલ જવાબ નાયબ કલેકટરશ્રી ચોટીલાના સ્થળ નિરિક્ષણ અને અહેવાલ રજુ થયા બાદ અમોની કચેરી દ્વારા કાર્યવાહી કરવાની રહે તેવા જવાબ અનુસંધાને આવા કોઈ પેપર્સ સાથે લાવેલ છુ કે કેમ તે બાબતે જણાવુ છુ કે, "સદરહુ બાબતે પ્રાંત અધિકારી દ્વારા તપાસ કરીને અમારા તરફ કોઈ પણ અહેવાલ મોકલેલ નથી." ભરતભાઈએ અમારી કચેરી સમક્ષ અરજી કર્યા બાદ અમારી કચેરી દવારા નાયબ કલેકટરશ્રી ચોટીલાને તપાસ અર્થે મોકલી જરુર જણાયે અહેવાલ મોકલી આપવા અથવા અરજદારને પ્રત્યુતર પાઠવવા બાબતનો પત્ર આજરોજ મારી સાથે લાવેલ છુ. જે રજુ કરુ છુ. જેમા અમારી કચેરીના ચીટનીશ ટુ કલેકટરની સહી છે જે હું ઓળખી બતાવુ છુ.(આંક-૬૦) એ વાતની મને ખબર નથી કે, અમારી કચેરીએ નાયબ કલેકટરશ્રી ચોટીલાને ભરતભાઈ જીવાભાઈ ધાંધલની અરજી અન્વયે શું કામગીરી કરેલ તેનો ખ્યાલ નથી. મને સાક્ષી સમન્સમાં જણાવેલ ક્રમ

નં.ર ના દસ્તાવેજો બાબતે અને અમારી કચેરીએ કરેલ કામગીરીના દસ્તાવેજો બાબતે પુછતા જણાવુ છુ કે, આવા દસ્તાવેજો પ્રોજેકટ શરૂ થયા બાદના અમારી પાસે નથી પરંતુ અત્રેની કચેરીના જમીન ફાળવણીના તા.ર૪/૦ર/૨૦૧૧ ના હુકમ આજરોજ મારી સાથે લાવેલ છુ (આંક–૬૧) જેમાં શરત નં.૭ માં જણાવ્યા મુજબ અરજદાર સંસ્થા દવારા ફાળવણી વાળી જમીનની માપણી કરાવી માપણીશીટની નકલ મામલતદારશ્રી તથા અમોને રજુ કરેલ જે આજરોજ સાથે લાવેલ છુ. મને સાક્ષી સમન્સમાં ૦૩ નંબરમાં જણાવેલ દસ્તાવેજ લાવેલ છુ, જેમા હાલનો નવો સર્વે નં.૩૬૭ ( જુનો સર્વે નં.૧૭૮/ પૈકી ૧૦) છે. જે આજરોજ લાવેલ છુ (આંક–૬ર). જેમાં હાલનાં વાદીનું નામ માલીક તરીકે દર્શાવવામાં આવેલ છે. મને રે.સ.નં. ૧૭૮/૧/૧ પૈકી વાળી જગ્યાના ૭–૧ર લાવેલ છુ જેનાં નવા સર્વે નં.ર૮૩ છે (આંક–૬૩). સદર ૭–૧ર નો ઉતારો જોઈને કહું છુ કે, જેમા સુઝલોન કંપનીનું બીજા હકકમા નામ દર્શાવવામાં આવેલ નથી. મને સાક્ષી સમન્સમાં ૪ નંબરમાં જણાવેલ દસ્તાવેજ આજરોજ સાથે લાવેલ નથી. વાદી ભરતભાઈ જીવાભાઈ તથા ગભરુભાઈએ અમારી કચેરીમા જે કાંઈ અરજીઓ કરેલ હોય તેના અનુસંધાને અમારી કચેરીએ જે કામગીરી કરેલ હોય તે અમારી સમક્ષ જરૂરી દસ્તાવેજો રજુ કરેલ હોય તેવા તમામ અન્ય કાગળો આજરોજ હું મારી સાથે લાવેલ છુ (કુલ– ૫૩ પેઈજ)(આંક–૬૪). જે અમારી કચેરીમાં નિભાવવામાં આવતા દસ્તાવેજો છે. જેમાં નાયબ કલેકટર ચોટીલા, મામલતદાર કચેરી, લેન્ડ ગ્રેબીંગ અંગેની અરજીઓ, ૭–૧ર ની નકલો, ૬ નંબરની નોંધની નકલો, સુઝલોન કંપનીને ફાળવેલ જમીનનો હુકમ, માપણીશીટ, પવન ચકકીના ફોટોગ્રાફ તથા ગુગલનો જમીનનો નકશો, નવી જુની શરતનો હુકમનો પત્ર, સોગંદનામાની નકલ, અરજદારની તા.ર૭/૦૩/૨૦૨૩ ની અરજી, પોલીસે લીધેલ જવાબ, તેમના વકીલશ્રી મારફત આપેલ

નોટીસ, સુઝલોન દ્વારા ભરતભાઈને જવાબ, સુઝલોન દ્વારા તેમના અધીકારી દ્વારા આપવામાં આવેલ બાહેધરી પત્રની નકલ, સુઝલોન દ્વારા અમારી કચેરીમા કરેલ અરજીની નકલ, સર્કલશ્રી દ્વારા કરવામા આવેલ રોજકામ, નાગરીક ઉડીયન તથા સુઝલોન દ્વારા કલેકટરશ્રી ને લખેલ પત્ર રજુ કરુ છુ. જે પ્રાંત અધિકારીની કચેરી દ્વારા રજુ થયેલ રેકર્ડ છે. ઉપરોકત વિગતે મેં આજરોજ દસ્તાવેજ રજુ કરેલ છે. મારે આ કામના પક્ષકારો સામે મારી કોઈ રાગદ્ધવેશ નથી. મેં રેકર્ડના આધારે જુબાની આપેલ છે.

સદર સાહેદની પ્રતિવાદી તરફે ઉલટતપાસ લેવામાં આવેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, દાવા વાળી મિલ્કતનું અમારી કચેરી દ્વારા કોઈપણ સ્થળ નિરિક્ષણ કરવામા આવેલ નથી. હું કલેકટર કચેરીમાં કલાર્ક તરીકે જમીન–૩ શાખામાં આશરે દોઢેક વર્ષથી તે ટેબલ પર ફરજ બજાવુ છુ. એ વાત ખરી છે કે, અમારી કચેરી દ્વારા ફાળવવામાં આવેલ જમીનનો સ્થળ નિરિક્ષણ અને નકશો બનાવવાનો હોતો નથી. સાહેદ જણાવે છે કે, અમારી તાબાની કચેરી દ્વારા કરવામાં આવે છે.

## –:: તારણો ::–

**(૯) મુદ્દા નં.૧ :–**

આ મુદા અન્વયે જોઈએ તો વાદીએ તેમની દાવા અરજી તથા વાદી નં.૧ નાએ આંક–૨૭ના તથા વાદી નં.૨ નાએ આંક–૫૬ના સરતપાસના સોગંદનામામાં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

*'અમો વાદીઓ સુરેન્દ્રનગર જીલ્લાના ગોટીલા તાલુકાના મોજે પીપળીયા (ધાધલ) ની સીમ જમીન રે. સર્વે નં. ૩૬૭ (જેનો જુનો રે. સર્વે નં. ૧૭૮/૧૦) હે.૨–૩૨–૭૦ આરે. ચો.મી. સંયુક્ત માલીકી હકકે ધારણ કરતા આવેલ છીએ.''*

આ હકીકતનો પ્રતિવાદીએ આંક–૧૭ થી જવાબ રજુ કરી ઈન્કાર કરેલ છે.

હવે, આ સંદર્ભે વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને તથા વંચાણે લઈએ તો વાદીએ આંક–૨૯થી ગામ નમુના નં.૬(હકપત્રક) ની નોંધ નં.૭૫ની નકલ રજુ કરેલ છે. વાદીએ આંક–૩૦ થી સ.નં.૧૭૮/પૈકી વાળી જમીનની નોંધ નં.૭૩/૧ રજુ કરેલ છે જે તા.૦૧/૦૩/૬૦ ના રોજની છે.

વાદીએ આંક–૩૧થી ગામ નમુનો નં.૬(હક પત્રક) ની નોંધ નં.૪૯૨ ની નકલ રજુ કરેલ છે. જે ધાધલ જીવાભાઈ દાનાભાઈ ગુજરી જતા તેમના વારસદારોના નામ દાખલ કરેલાની નોંધ છે.

વાદીએ આંક–૩૨થી ગામ નમુનો નં.૬ (હક પત્રક)ની નોંધ નં.૭૫૨ ની નકલ રજુ કરેલ છે જે વંચાણે લેતા રે.સ.નં.૧૭૮ પૈકી ૧૦ વાળી જમીન મામલતદારશ્રી, ચોટીલાના હુકમના આધારે નવી શરતમાંથી જુની શરતમાં ફેરવવામાં આવેલા અંગેના હુકમની નોંધ છે.

વાદીએ આંક–૩૩ થી ગામ નમુનો નં.૬ (હક પત્રક) ની નોંધ નં.૧૦૨૩ ની નકલ રજુ કરેલ છે જે વંચાણે લેતા તે સ.નં.૧૭૮ પૈકી ૧૦ ની વારસાઈની નોંધ છે.

વાદીએ આંક–૩૪ થી ગામ નમુનો નં.૬ (હક પત્રક) ની નોંધ નં.૧૦૭૦ ની નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતા મીણબાઈ જીવાભાઈ ધાધલ ગુજરી જતા તેમના વારસદારોના નામ દાખલ થયાની નોંધ છે.

વાદીએ આંક–૩૫ થી ગામ નમુનો નં.૬ (હક પત્રક) ની નોંધ નં.૧૦૭૨ ની નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતા અપીલ નાયબ કલેકટરશ્રીએ મંજુર કરેલાની નોંધ છે તથા વાદીએ આંક–૩૬થી ગામ નમુનો નં.૬ (હક પત્રક) ની નોંધ નં.૧૧૧૯ ની નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતા રે.સ.નં.૧૭૮ પૈકી ૧૦ વાળી જમીનમાંથી વાદીઓની હીસ્સેદાર બહેનોએ હક ઉઠાવી લેવા અંગેની નોંધ છે તથા વાદીએ

આંક–૩૭ થી ગામ નમુનો નં.૬ (હક પત્રક) ની નોંધ નં.૧૧૯૬ ની નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતા તે પ્રમોલગેશન નોંધની અસરની નોંધ છે. વાદીએ આંક–૩૮ થી દાવાવાળી જમીનના ગામ નમુના નં.૮–અ ની નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતા તેમાં કબજેદારોમાં વાદી ગભરુભાઈ જીવાભાઈ ધાધલ તથા ભરતભાઈ જીવાભાઈ ધાધલના નામ દર્શાવવામાં આવેલ છે. વાદીએ આંક–૩૯ થી દાવાવાળી જમીનના ગામ નમુના નં.૭ ની નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતા તેમાં કબજેદારમાં વાદીઓના નામ દર્શાવવામાં આવેલ છે. વાદીએ આંક–૪૦ થી તેઓએ તેમના વકીલશ્રી મારફતે પ્રતિવાદીઓને મોકલેલ નોટીસની નકલ રજુ કરેલ છે. જે વંચાણે લેતા પ્રતિવાદી તેમની જમીન ગેરકાયદેસર પ્રવેશ કરશે તો તેમની સામે કાયદેસર પગલા લેવામાં આવશે. તેવુ જણાવવામાં આવેલ છે. વાદીએ આંક–૪૩ થી પ્રતિવાદીએ વાદીની આંક–૪૦ વાળી નોટીસનો આપેલ જવાબની નકલ રજુ કરેલ છે જે તા.૦૬/૦૪/૨૦૨૩ ના રોજનો છે. જેમાં રે.સ.નં.૧૭૮/૧/૧ પૈકી વાળી જમીન કંપનીને ફાળવવામાં આવેલ છે અને સોંપવામાં આવેલ છે તેવુ જણાવેલ છે.

વાદીએ આંક–૪૧ થી પરમાર મનુભાઈ વશરામભાઈનું સોગંદનામું રજુ કરેલ છે. જે વંચાણે લેતા તેઓની ખેતીની જમીન પીપળીયા ગામે આવેલ છે અને તેમની ખેતીની જમીનની પુર્વે વાદીની દાવાવાળી જમીન આવેલ છે અને તેમાં સુઝલોન કંપનીનો પવનચકકીનો પ્રોજેકટ વર્ષ ૨૦૧૧ થી ચાલુ છે. તેવુ તેઓએ જણાવેલ છે.

વધુમાં વાદી તર્ફે કલેકટર કચેરી, સુરેન્દ્રનગરના કર્મચારી શ્રી કિરપાલસિંહ ચંદ્રસિંહ રાઠોડનાઓને આંક–૫૯થી તપાસવામાં આવેલ છે તેઓએ તેમની જુબાનીમાં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

*''મને સાક્ષી સમન્સમાં ૩ નંબરમાં જણાવેલ દસ્તાવેજ લાવેલ છુ, જેમાં હાલનો નવો સર્વે નં .૩૬૭ ( જુનો સર્વે નં.૧૭૮/ પૈકી ૧૦) છે. જે આજરોજ લાવેલ છુ જે રજુ કરુ છુ. જેને રજુ દા.આંક-૬૨ આપવામાં આવે છે. જેમા હાલના વાદીનું નામ માલીક તરીકે દર્શાવવામાં આવેલ છે.''*

આમ, હાલના કામે પુરવાર થાય છે કે, વાદીઓની દાવા અરજી પેરા-૧ વિગતે સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા તાલુકા મોજે પીપળીયા (ધાધલ)ની સીમ રે.સ.નં.૩૬૭ (જુના રે.સ.નં.૧૭૮/૧૦) હે.૨-૩૨-૭૦ આરે.ચો.મી.જમીન આવેલી છે અને તેનો વાદી કબજો ભોગવટો માલિકી હક ધરાવે છે. આમ, વાદીએ આ મુદા નં.૧ ની હકીકતો પુરવાર કરેલ હોય, આ મુદા નં.૧ નો જવાબ હકારમાં ઠરાવુ છુ.

**(૧૦) મુદા નં.૨ :-**

આ મુદો જોઇએ તો આ મુદો શું પ્રતિવાદીએ વાદીની રે.સ.નં.૧૭૮/૧૦ વાળી જમીનમાં પવનચકકી પ્લાન્ટ નાખી ગેરકાયદેસર રીતે વાદીઓની જમીન પર દબાણ કરી વાપર ભોગવટો કરેલ છે? તે અન્વયેનો છે.

આ અન્વયે જોઇએ તો વાદીએ તેમની દાવાઅરજી તથા આંક-૨૭ના સરતપાસના સોગંદનામામાં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

*'ઉપરોકત વિગતે નામદાર કલેકટરશ્રીના ભાડાપટ્ટાના હુકમની રૂએ આ કામના પ્રતિવાદીએ સને-૨૦૧૧માં પોતાને ફાળવેલ જમીન રે. સર્વે નં. ૧૭૮/૧/૧ પૈકીમાં વિન્ડફાર્મ પાવરપ્લાન્ટ કરવાને બદલે અમો વાદીઓની માલીકીની જમીન*

*રે. સર્વે નં. ૧૭૮/૧૦ માં **MDW–68** પવનચક્કી પ્લાન્ટ કરી નાંખેલ અને આ સમયે અમો વાદીઓએ આ અંગે વાંધો–તકરાર લેતા શરૂઆતમાં આ કામના પ્રતિવાદીએ પોતે કરેલ પ્લાન્ટેશન બરોબર છે અને ફાળવેલ જગ્યામાં જ કરેલાનું રટણ કર્યે રાખેલ અને છેવટે આ કામના પ્રતિવાદીના અધિકૃત અધિકારીને પોતાની ભુલનું જ્ઞાન થતા અમો વાદીઓને જણાવેલ કે 'શરતચુકથી તમારી જમીનમાં પવનચક્કી ઉભી થઈ ગઈ છે અને હવે આ વિન્ડફાર્મનું સ્થાનાંતર કરવામાં આવે તો ખુબ જ મહેનત અને ખર્ચ ભોગવવો પડે તેમ છે અને અમોએ આ પ્રોજેક્ટ ૨૦ વર્ષ સુધી રાખવાનો છે તેથી અમો તમોને સદરહુ પવનચક્કી રાખવા આપવા માટેના વપરાશનું વળતર માસીક રૂા.૧,૦૦,૦૦૦/– લેખે ચુકવી આપીશુ." તેમ જણાવતા અમો વાદીઓએ અમારી જમીનમાં આ વિન્ડફાર્મપાવર પ્રોજેક્ટ રાખવા આપેલ.''*

આ અન્વયે પ્રતિવાદીઓએ તેઓના આંક–૧૭ના દાવા જવાબમાં એવી હકીકત જણાવેલ છે કે,

*'આ પ્રતિવાદી કંપનીને ઉપરોક્ત જણાવેલ હેતુ માટે ફાળવવામાં આવેલ જમીનને બદલે પ્રતિવાદીઓએ વાદીની માલિકીની સર્વે નં .૧૭૦/૧૦ વાળી જમીન પર એમ.ડી.ડબલ્યુ–૬૮ પવનચક્કીનો પ્લાન્ટ ઉભો કરી નાખેલ હોવાની હકીકતનો આથી સ્પષ્ટપણે ઈન્કાર કરવામાં આવે છે.''*

હવે, પ્રતિવાદીઓએ ખરેખર વાદીની જમીનમાં પવનચક્કીનો પ્લાન્ટ ઉભો કરી દીધેલ છે કે કેમ? તે અન્વયે જોઇએ તો વાદી નં.૧ની

પ્રતિવાદી તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં નીચે મુજબની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે.

*'એ વાત ખરી છે કે, કોઈપણ પવનચકકી સ્થાપીત કરતા પહેલા તેનું ફાઉન્ડેશન તૈયાર કરવુ પડે અને તેના માટે ઉંડા ખાડા ખોદવા પડે છે.''*

*'એ વાત ખરી નથી કે, કંપની દ્રારા પવનચકકી માટે ચાર ઉંડા ખાડા ખોદવામાં આવેલા. વાદી સ્વેચ્છાએ જણાવે છે કે, એક જ ખાડો ખોદવામાં આવેલ હતો.''*

*'એ વાત ખરી છે કે, આ ફાઉન્ડેશનની કાર્યવાહી કરવા માટે કંપની વાળા મશીનરી અને વાહનોની સાધન સામગ્રી સને–૨૦૧૧ માં ત્યાં લાવેલા.''*

*'એ વાત ખરી છે કે, આ જમીનને સમથળ કરવાની કાર્યવાહી સને–૨૦૧૧માં ચાલુ હતી.''*

*'' એ વાત ખરી છે કે, આ ખાડા ખોદાતા હતા ત્યારે અમોએ કોઈ લેખિતમાં વાંધા આપેલ ન હતા. વાદી સ્વેચ્છાએ જણાવે છે કે, અમે મૌખિકમાં મામલતદારશ્રીને જાણ કરેલ હતી.''*

*'એ વાત ખરી છે કે, ત્યારબાદ અમોએ મામલતદાર, પ્રાંત અધિકારી કે કલેકટરશ્રીનાઓ સમક્ષ લેખિતમાં કોઈ વાંધા આપેલ ન હતા.''*

*'એ વાત ખરી છે કે, કલેકટરશ્રી દ્રારા સદરહું પવનચકકીની કાર્યવાહી શરુ થઈ ગયા બાદ અમોએ તેની સામે કોઈ અપીલ કરેલ ન હતી.''*

*'એ વાત ખરી છે કે, સદરહું પવનચકકી વાળી જગ્યા ઘણીવખત ઈન્સ્પેકશન માટે અધિકારીઓ આવતા હતા તેમની*

સમક્ષ અમોએ કોઈ લેખિત વાંધા રજુ રાખેલ ન હતા. વાદી સ્વેચ્છાએ જણાવે છે કે, અમોએ મૌખિક રજુઆત કરેલી.''

'એ વાત ખરી છે કે, અમોએ મૌખિક રજુઆત કર્યા બાદ સને–૨૦૧૧ માં કોર્ટમાં કોઈ દાવો કે મનાઈ અરજી દાખલ કરેલ નથી.''

'સદરહુ પવનચક્કીના ફાઉન્ડેશનથી લઈને સ્થાપનની કાર્યવાહી પુર્ણ થવામાં આશરે બે મહીના જેટલો સમય લાગેલ હતો.''

'સને–૨૦૧૧ માં અમારી જમીનમાં ગેરકાયદેસર રીતે કંપનીવાળા પવનચક્કી સ્થાપન કરતા હોય તે અંગેની ફરીયાદ અમોએ પોલીસ સ્ટેશનમાં કરેલ ન હતી.''

'અમોએ સદરહું પવનચક્કીની સ્થાપના અમારી જમીનમાં થઈ રહેલ છે તે અંગે માપણી ડી.આઇ.એલ.આર.માં સને–૨૦૧૬માં કરાવેલી.''

'એ વાત ખરી નથી કે, ડી.આઇ.એલ.આર.વાળાએ એવુ કહેલ કે, આ પવનચક્કી ફાળવેલ જમીનમાં જ છે તમારી જમીનમાં નથી તેથી માપણી કરવાનો સવાલ નથી.''

'એ વાત ખરી છે કે, ડી.આઇ.એલ.આર.ના માપણી રીપોર્ટ સામે અમો કોઈ એપેલેટ ઓથોરીટીમાં ગયેલ નથી.''

'એ વાત ખરી છે કે, સને–૨૦૧૧ થી માર્ચ–૨૦૨૩ સુધીનો માસિક રૂપીયા એક લાખ લેખે અમને વપરાશ બદલ આપીશુ તેવો કોઈ લેખિત કરાર કરી આપેલ નથી. વાદી સ્વેચ્છાએ જણાવે છે કે, મૌખિક રીતે અમોને જણાવેલ હતુ.''

'એ વાત ખરી છે કે, સદરહું દાવા સિવાય અમોએ પ્રતિવાદીઓ વિરુધ્ધ બીજો કોઈ દાવો કરેલ નથી.''

પ્રતિવાદી તરફે વાદી નં.ર ની ઉલટતપાસમાં નીચે મુજબની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે.

*'એ વાત ખરી છે કે, આ પવનચકકી ઉભી કરવાની હતી તેની વિરુધ્ધમાં અમોએ કોઈપણ અરજી સરકારમાં કરેલ નથી.''*

*'એ વાત ખરી છે કે, પવનચકકીનો ઉભો કરવાનો હુકમ કલેકટરે કરેલ. સાહેદ ખુલાસામાં જણાવે છે કે, ૧૭૮/૧ માં ફાળવેલ હતી અને પવનચકકી ઉભી ૧૭૮/૧૦ સર્વે નંબરમાં ઉભી કરી દીધેલ છે.''*

*'એ વાત ખરી છે કે, સને–૨૦૧૧ થી આજદીન સુધી આ દાવો કર્યા સુધી અગાઉ કોઈ દાવો કોર્ટમાં કરેલ નથી.''*

*'એ વાત ખરી છે કે, અમોએ પવનચકકીને જમીન ફાળવેલ તે બાબતે તેની સામે કલેકટરમાં કે સચિવમાં કોઈ અરજી કરેલ નથી.''*

*'એ વાત ખરી છે કે, હાલમાં પવનચકકી ત્યાંથી હટાવી લેવામાં આવેલ છે.''*

હાલના કામે વાદીઓએ રે.સર્વે નં.૧૭૮/૧/૧ વાળી જમીનમાં પવનચકકીનો પ્રોજેકટ નાખવામાં આવેલ નથી. પરંતુ રે.સર્વે નં.૧૭૮/૧૦ વાળી જમીનમાં પવનચકકીનો પ્રોજેકટ નાખવામાં આવેલ છે તે સાબિત કરવા ડી.આઇ.એલ.આર.કચેરી મારફતે હાલના દાવાના કામે કોઈ પંચનામુ કરાવેલ નથી કે અગાઉ આવુ કોઈ પંચનામું કરવામાં આવેલ હોય તો તે રજુ કરવામાં આવેલ નથી.

વધુમાં, વાદીના જણાવ્યા મુજબ વર્ષ–૨૦૧૧માં તેઓની જમીનમાં જયારે પવનચકકી નાખવામાં આવી રહી હતી તો વાદીએ તેને અટકાવવા કોઈ પ્રયત્ન કરેલ હોય તેવુ જણાવતા નથી. ઉલટાનું વાદી

નં.૧ તેમની પ્રતિવાદી તરફેની ઉલટતપાસમાં સ્પષ્ટપણે સ્વીકારે છે કે, કંપની વાળા ફાઉન્ડેશનની કાર્યવાહી માટે તેમના ત્યાં આવેલા અને ખાડા ખોદવામાં આવેલા ત્યારે તેઓએ લેખિતમાં કોઇ વાંધા આપેલ ન હતા કે ત્યારબાદ મામલતદાર, પ્રાંત અધિકારી કે કલેકટર કચેરીમાં પણ લેખિતમાં કોઇ વાંધા આપેલ ન હતા.

વધુમાં તેમની ઉલટતપાસમાં એવી હકીકત પણ રેકર્ડ ઉપર આવેલી છે કે, કલેકટરશ્રી દ્વારા પવનચકકીની કાર્યવાહી શરુ થયા બાદ તેઓએ કોઇ અપીલ કરેલ ન હતી કે પવનચકકી વાળી જગ્યાએ ઈન્સ્પેકશન માટે અધિકારી આવતા તેમને પણ લેખિતમાં કોઇ વાંધા આપેલ નથી કે ૨૦૧૧ માં કોર્ટમાં કોઇ દાવો કે મનાઇ હુકમની અરજી પણ કરેલ નથી. વધુમાં, આ કામગીરી બે મહીના જેટલી ચાલેલ છે તે દરમ્યાન પણ તેઓએ કોઇ વાંધો લીધેલ નથી.

વધુમાં વાદી નં.૧ નાએ તેમની ઉલટતપાસમાં સ્પષ્ટપણે સ્વીકારેલ છે કે, તેઓએ તેમની જમીનમાં પ્રતિવાદી ગેરકાયદેસર રીતે પવનચકકી સ્થાપન કરતા તે અંગે પોલીસ સ્ટેશનમાં કોઇ ફરીયાદ પણ કરેલ નથી.

હવે, જયારે વાદીઓ પવનચકકી નાખવામાં આવી રહી હતી ત્યારે તેને અટકાવવા કોઇ પ્રયત્ન કરતા નથી કે તેઓ મામલતદાર, પ્રાંત અધિકારી કે કલેકટર કચેરીમાં કોઇ વાંધા પણ આપતા નથી કે કોર્ટમાં કોઇ દાવો કરતા નથી કે પોલીસ સ્ટેશનમાં ગેરકાયદેસર રીતે પવનચકકી નાંખવા બાબત કોઇ ફરીયાદ પણ કરતા ન હોય, તેવા સંજોગોમાં શું ખરેખર વાદીની રે.સ.નં.૧૭૮/૧૦ વાળી જમીનમાં પ્રતિવાદીઓએ ગેરકાયદેસર રીતે પવનચકકી નાંખી છે કે કેમ? તે અન્વયે જોઇએ તો હાલના કામે વાદીએ કોર્ટ કમીશ્નરશ્રી મારફતે કરવામાં આવેલ પંચનામું મહત્વનું બને છે.

હાલના કામે વાદીએ કોર્ટ કમીશ્નર શ્રી મારફતે તકરારી જગ્યાની સ્થળસ્થિતિ રેકર્ડ ઉપર લાવવા માટે અરજી કરેલ. જે અરજી મંજુર થતા કોર્ટ કમીશ્નરશ્રીએ બંને પક્ષકારોની હાજરીમાં વાદ ગ્રસ્ત જમીનનું પંચનામુ કરેલ તથા નકશો તૈયાર કરેલ. જે પંચનામુ આ કામે આંક–૬૯ (નીશાની ૧૪/૧) થી તથા નકશો આંક–૭૦ (નીશાની ૧૪/૨) થી રજુ છે. હવે, આ કામે રજુ થયેલ આંક–૬૯ વાળુ પંચનામુ વંચાણે લેતા તે વાદીની સદર વાદગ્રસ્ત જગ્યા સર્વે નં.૩૬૭ (જુનો) નવો રે.સ.નં.૧૭૮/૧૦ હોવાનું દર્શાવેલ છે. જે અંગે પંચનામામાં સ્પષ્ટ ઉલ્લેખ છે અને સ્થળસ્થિતિ તે સર્વે નંબરની રેકર્ડ ઉપર આવેલ છે તથા પંચનામામાં નીચે મુજબની વિગત રેકર્ડ ઉપર આવેલ છે.

*'જે ફાઉન્ડેશનમાંથી થાંભલા કાપી નાખેલ છે. સદર થાંભલાની પુર્વ બાજુએ પેનલ પેટીનું ફાઉન્ડેશન આવેલ છે. જેનું માપ ૧ મીટર પહોળાઈ અને લંબાઈ ૧ મીટર અને ૨ ફુટની લંબાઈ છે. તેની બાજુમાં સીમેન્ટ કોંક્રીટનું ફાઉન્ડેશન અલગ પડેલ છે. તેની બાજુમાં અર્થીંગ પ્લેટ આવેલ છે. સદર પેનલ પેટીના ફાઉન્ડેશનની પુર્વ બાજુએ સીમેન્ટ કોંક્રીટના આશરે ૨૫ પચીસેક જેટલા નાના મોટા ટુકડાઓ વેરવીખેર પડેલ છે.''*

સદર પંચનામુ કરતી વખતે કે પંચનામું કર્યા બાદ પ્રતિવાદી તરફે એવી તકરાર લેવામાં આવેલ નથી કે તે જગ્યા રે.સ.નં.૧૭૮/૧૦ વાળી જગ્યા નથી. આથી સ્પષ્ટ જણાઈ આવે છે કે તે જગ્યા રે.સ.નં.૧૭૮/૧૦ વાળી જગ્યા છે. વધુમાં પ્રતિવાદી તર્ફે એવી પણ તકરાર લેવામાં આવેલ નથી કે, ફાઉન્ડેશન કે સીમેન્ટ કોંક્રીટના જે ટુકડાઓ મળી આવેલ છે તે તેઓએ તૈયાર કરેલ નથી.

આમ, આ કામે રજુ થયેલ આંક–૬૯ વાળુ પંચનામું તથા આંક–૭૦ વાળો નકશો સ્વીકારવામાં આવેલ છે.

આમ, હાલના કામે વાદગ્રસ્ત જગ્યા રે.સ.નં. ૧૭૮/૧૦ વાળી હોવાનું રેકર્ડ ઉપર આવે છે તેમાં ફાઉન્ડેશન તથા સીમેન્ટ કોંક્રીટના ટુકડા વિગેરે મળી આવેલ છે. તેમજ આ પંચનામુ પ્રતિવાદીઓએ સ્વીકારેલ છે તેમ પણ માનવાને કારણ રહે છે. કારણ કે તેઓએ પંચનામા સમયે કે બાદમાં એવી કોઇ રજુઆત કરેલ નથી કે પંચનામાવાળા સ્થળે ઉભુ કરવામાં આવેલ ફાઉન્ડેશન તેઓનું નથી. આ સંજોગોમાં માનવાને કારણ રહે છે કે, પવનચકકીનું ફાઉન્ડેશન પ્રતિવાદીએ બનાવેલ છે.

વધુમાં હાલના કામે વાદીએ એક એવી રજુઆત કરેલ છે કે, પ્રતિવાદીએ હાલના કામે કોઈ પુરાવો રજુ કરી વાદીની હકીકતનો ઈન્કાર કરેલ નથી. તેથી વાદીએ જણાવેલ હકીકત બિનતકરારી બને છે.

આ અન્વયે જોઇએ તો કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, જે પક્ષકાર હકીકતનો ઈન્કાર કરતો હોય તે પક્ષકારના શીરે પુરાવાનો બોજો હોતો નથી. પરંતુ જે વ્યકિત કોઈ હકીકત બનેલાનું જણાવતા હોય ત્યારે પુરાવાનો બોજો તે વ્યકિતના શીરે રહે છે.

આ અંગે નામદાર સુપ્રિમ કોર્ટે નીચે મુજબના ચુકાદામાં સિધ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે.

**Anil Rishi vs Gurbaksh Singh, 2006(4) Supreme 62(SC)**

Indian Evidence Act, 1872- Section-101,102 & 106 - Burden of proof - Affirmative vs Negative Facts :

"The burden of proving the fact rests on the party who substantially asserts the affirmative issues and not the party who denies it."

આમ, હાલના કામે વાદીઓ એ હકીકત પુરવાર કરવામાં સફળ નિવડેલ છે કે, પ્રતિવાદીએ રે.સ.નં.૧૭૮/૧૦માં પવનચકકી પ્લાન્ટ નાખી ગેરકાયદેસર રીતે વાદીઓની જમીન પર દબાણ કરી વાપર ભોગવટો કરેલ છે. આમ, વાદી આ મુદા નં.ર ની હકીકત પુરવાર કરવામાં સફળ થયેલ હોય, આ મુદા નં.ર નો જવાબ હકારમાં ઠરાવુ છુ.

## (૧૧) મુદા નં.૩ :–

આ મુદા અન્વયે જોઈએ તો વાદીએ આ મુદો પુરાવાર કરવા કલેકટર કચેરીના કર્મચારી સાહેદશ્રી કિરપાલસિંહ ચંદ્રસિંહ રાઠોડનાઓને આંક–પ૯ થી તપાસેલ છે. જેઓએ આ નિ.૩/૧૮ વાળો દસ્તાવેજ આંક–૬૪ વાળા કુલ–પ૩ પાના રજુ કરેલ છે. તેમાં પાના નં.૧૮ ઉપર છે જે બાયંધરી પત્રક વંચાણે લઈએ તો તે પ્રતિવાદી સુઝલોન કંપનીના ઓથોરાઈઝડ અધિકારી તરફથી આપવામાં આવેલ છે. જેમાં નીચેની વિગત દર્શાવવામાં આવેલ છે.

*''... આથી ગભરુભાઈના જણાવ્યા અનુસાર આ જમીનનો માલિકનો હક ધરાવે છે તેવુ તેઓ જણાવે છે. આથી પ્રાંત અધિકારી દ્રારા પણ કંપનીને જણાવવામાં આવ્યુ છે કે, બંને પક્ષોમાં કોણ હકદાર છે તેવો નિર્ણય આવેલ નથી. આ નિર્ણય આવે તેને બંને પક્ષોને માન્ય રહે છે. આથી સુઝલોન કંપની લખાણ પણ આપે છે કે જે કાનુની કાયદાકીય જે હકીકત હતી. તે કંપનીને માન્ય રહે છે.''*

આમ, સદર દસ્તાવેજમાં જે કાનુની નિર્ણય આવે તે બંને પક્ષોને માન્ય રહેશે. તેવુ લખેલ છે. પરંતુ તેમાં વળતર સંબંધે કોઈ હકીકત દર્શાવવામાં આવેલ નથી.

આમ, વાદી આ મુદા નં.૩ ની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય, આ મુદા નં.૩ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.

**(૧૨) મુદા નં.૪ :–**

આ મુદા અન્વયે જોઈએ તો, હાલના કામે વાદીએ પ્રતિવાદીઓએ માર્ચ–૨૦૧૧થી માર્ચ–૨૦૨૩ સુધી કુલ ૧૪૪ માસ વાદીની જમીનનો ગેરકાયદેસર વાપર ભોગવટો કરી વાદીને રૂા.૧,૪૪,૦૦,૦૦૦/– ની નુકશાની કરેલાની હકીકત જણાવેલ છે. આ અન્વયે જોઈએ તો વાદીએ દાવાવાળી જગ્યા–પવનચકકીવાળી જગ્યા ઉપર વાદી આવક મેળવતા હોય તેવી કોઈ હકીકત તેઓએ પુરવાર કરેલ નથી. તેમજ પુરવાર કરવા કોઈ પુરાવો પણ રજુ કરેલ નથી. આથી જયારે વાદીએ તેઓને સદર મિલ્કતમાંથી તેઓને ઉપજ થતી હોય તે તથા થતી હોય તો કેટલી આવક થઈ તે બાબતે કોઈ પુરાવો રજુ કરેલ ન હોઈ, અનિશ્ચિતતાના કારણે આ મુદો પુરવાર થતો ન હોય, આ મુદા નં.૪ નો જવાબ નકારમાં ઠરાવુ છુ.

**(૧૩) મુદા નં.૫ :–**

આ મુદા અન્વયે જોઈએ તો હાલના કામે ઉપરોકત મુદા નં.૨ માં ચર્ચા કર્યા મુજબ પ્રતિવાદીએ રે .સ.નં.૧૭૮/૧૦ માં પવનચકકી પ્લાન્ટ નાખી ગેરકાયદેસર રીતે વાદીની જમીન પર દબાણ કરી વાપર ભોગવટો કરેલ છે. તેથી પ્રતિવાદી વાદીને વળતર આપવા માટે

જવાબદાર બને છે. હવે, વળતર અંગે જોઇએ તો હાલના કામે વાદીએ તેઓને કેટલી આવક મેળવતા હતા તથા કેટલી નુકશાની થઇ? તે અંગેનો કોઇ પુરાવો રજુ કરેલ નથી તથા હાલના કામે વાદીઓ તથા પ્રતિવાદીઓ વચ્ચે કોઇ કરાર થયેલ નથી. તેથી કરાર મુજબ વળતર આપવાનું નકકી થઇ શકતુ નથી. પરંતુ પ્રતિવાદીઓએ વાદીની જમીન વાપરેલ છે તેથી તેઓ વળતર મેળવવા હકદાર બને છે. પરંતુ વાદી લીમીટેશન એકટ મુજબની જોગવાઇ મુજબ ફકત ત્રણ વર્ષનું જ વળતર મેળવવા હકદાર બને છે તથા હાલના કામે વાદી અને પ્રતિવાદી વચ્ચે કોઇ કરાર થયેલ ન હોય, વાદીઓને એક વર્ષ દીઠ લમસમ રૂા.૫૦,૦૦૦/- લેખે ત્રણ વર્ષના કુલ રૂા.૧,૫૦,૦૦૦/- વળતર અપાવવામાં આવે તો તે યોગ્ય અને વ્યાજબી રહેશે. તેથી આ મુદા નં.૫ નો જવાબ અંશત: હકારમાં ઠરાવુ છુ.

**(૧૪) મુદા નં.૬ :-**

આ મુદા અન્વયે જોઇએ તો ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીઓની રે.સ.નં.૧૭૮/૧૦ વાળી જમીનમાં પ્રતિવાદીઓએ પવનચકકી ગેરકાયદેસર રીતે નાખેલાની હકીકત પુરવાર થયેલ હોય, આ દાવાનું કારણ સાચુ અને કાયદેસર ઠરે છે તેથી આ મુદા નં.૬ નો જવાબ હકારમાં ઠરાવુ છુ.

**(૧૫) મુદા નં.૭ :-**

હાલના કામે વાદીઓની રે.સ.નં.૧૭૮/૧૦ વાળી જમીનમાં પ્રતિવાદીઓએ ગેરકાયદેસર રીતે પવનચકકી નાખેલાની હકીકત પુરવાર થયેલ છે તથા વાદીઓ રૂા.૧,૪૪,૦૦,૦૦૦/- નહી પરંતુ

રૂા.૧,૫૦,૦૦૦/– વળતર મેળવવા હકદાર બને છે. તેથી તે રકમ ઉપર વ્યાજ મેળવવા હકદાર બને છે.

હવે, વાદી આ રૂા.૧,૫૦,૦૦૦/– ઉપર કેટલુ વ્યાજ મેળવવા હકદાર બને છે તે અન્વયે જોઇએ તો સિવિલ પ્રોસીઝર કોડની કલમ–૩૪માં નીચે પ્રમાણે જોગવાઈ કરવામાં આવેલ છે.

**Section 34. Interest.**

(1) Where and in so far as a decree is for the payment of money, the Court may, in the decree, order interest at such rate as the Court deems reasonable to be paid on the principal sum adjudged, from the date of the suit to the date of the decree, in addition to any interest adjudged on such principal sum for any period prior to the institution of the suit, [with further interest at such rate not exceeding six per cent. per annum as the Court deems reasonable on such principal sum], from the date of the decree to the date of payment, or to such earlier date as the Court thinks fit :

[Provided that where the liability in relation to the sum so adjudged had arisen out of a commercial transaction, the rate of such further interest may exceed six per cent. per annum, but shall not exceed the contractual rate of interest or where there is no contractual rate, the rate at which moneys are lent or advanced by nationalised banks in relation to commercial transactions.

*Explanation I.*--In this Sub-section, "nationalised bank" means a corresponding new bank as defined in the Banking Companies (Acquisition and Transfer of Undertakings) Act, 1970 (5 of 1970).

*Explanation II.*-- For the purposes of this section, a transaction is a commercial transaction, if it is connected with the industry, trade or business of the party incurring the liability.]

(2) Where such a decree is silent with respect to the payment of further interest [on such principal sum] from the date of the decree to the date of payment or other earlier date, the Court shall be deemed to have refused such interest, and a separate suit therefor shall not lie.

ઉપરોકત જોગવાઈ વંચાણે લેતા હાલના કામે પક્ષકારો વચ્ચે કોઈ કરાર ન હોય, વાદીને સદર રૂા.૧,૫૦,૦૦૦/– ઉપર વાર્ષિક ૬% વ્યાજ અપાવવામાં આવે તો તે યોગ્ય અને વ્યાજબી રહેશે.

વધુમાં, હાલના કામે દાવાવાળી જગ્યા વાદીઓની માલિકી–કબજા ભોગવટાવાળી હોવાનું પુરવાર થયેલ હોય, તેથી પ્રતિવાદીઓને વાદીઓની દાવાવાળી જગ્યા ઉપર પ્રવેશ કરવા કોઈ હક ન હોય, વાદી, પ્રતિવાદીઓ વિરુધ્ધ મનાઈ હુકમ મેળવવા હકદાર થાય છે.

આમ, હાલના કામે વાદીએ આ મુદા નં.૭ અંશત: પુરવાર કરેલ હોય, આ મુદા નં.૭ નો જવાબ અંશત: હકારમાં ઠરાવુ છુ અને મુદા નં.૮ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**–:: હુકમ ::–**

(૧) વાદીનો હાલનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) આથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીઓએ વાદીને રૂા.૧,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા દોઢ લાખ પુરા) વળતર પેટે ચુકવવા તથા તેઅએ આ રકમ રૂા.૧,૫૦,૦૦૦/– (અંકે રૂપિયા દોઢ લાખ પુરા) ઉપર દાવા તારીખથી ચુકવ્યા તારીખ સુધીનું વાર્ષિક ૬% વ્યાજ ચુકવવુ.

(૩) આથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીઓએ વાદીઓની દાવાવાળી જુનો રે.સર્વે નં.૧૭૮/૧૦ (નવો સર્વે નં.૩૬૭) વાળી જગ્યામાં ગુનાહીત પ્રવેશ કરવો–કરાવવો નહી કે વાદીઓના ભોગવટામાં દખલગીરી કરવી–કરાવવી નહી તેવો કાયમી મનાઇ હુકમ પ્રતિવાદીઓની વિરુધ્ધમાં ફરમાવવામાં આવે છે.

(૪) આ દાવાનો વાદીનો ખર્ચ પ્રતિવાદીઓએ ચુકવવો અને પોતાનો ખર્ચ પોતે ભોગવવો.

(૫) હુકમ મુજબ હુકમનામું દોરવુ.

હુકમ આજરોજ તા.૧૨, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં લખાવી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: સુરેન્દ્રનગર
તા.૧૨/૦૮/૨૦૨૬

**(કાર્તીક મનુભાઇ આહિર)**
બીજા એડીશ્નલ સીનીયર સિવિલ જજ,
સુરેન્દ્રનગર
(જજ કોડ નં. જી.જે.૦૧૪૯૦)